ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૧૦ || ઓક્ટોબર ૨૦૨૧ || સળંગ અંક : ૬૦૦

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.in

# G. J. PATEL INSTITUTE OF AYURVEDIC STUDIES AND RESEARCH



## Salient features

- Full time, regular, dedicated and experienced teaching faculties.
- Hi-Tech classrooms with audio-visual aids.
- Well organized student counselling system for one-to-one student guidance and mentoring.
- Wi-fi enabled campus, Herbal garden, separate hostel facility for girls and boys, College canteen and Mess within the college premises only.
- Well organized and systematic organization of various committees, cells for smooth conduction of administrative, curricular, co-curricular and other activities of institute.
- Well ventilated spacious dissection halls with mortuary for cadaver preservation.
- Well-equipped, spacious, ventilated and nicely decorated museums in the departments of Sharir Rachana (Anatomy), Sharir Kriya (Physiology), Rasashastra & Bhaishajya Kalpana (Pharmaceutical Sciences), Agadtantra (Forensic Medicine & Toxicology), Swasthavritta (Preventive & Social Medicine), Stri-roga & Prasuti tantra (Obstetrics & Gynaecology), Shalyatantra (Surgery)
- Well established laboratory with all instruments and equipments as per CCIM norms in the departments of Sharir Kriya (Physiology), Roganidana & Vikriti vigyan (Pathology)
- Each and every department is uniquely decorated with respective departmental library, display of charts and models of respective subjects.
- Quality testing laboratory and GMP Certified teaching pharmacy.
- Central library well ventilated and spacious seating arrangement for students containing more than 13000 books of Modern Medical Science and various Ayurved disciples from ancient till current era.



(Read more about this Institute on page no.24)




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઓક્ટોબર - ૨૦૨૧
વર્ષ: ૨૩ અંક: ૧૦
સળંગ અંક: ૬૦૦

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते ।


અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી રમેશ સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**ससीकराम्भोधरमत्तकुञ्जरस्तडित्पताकोडशनिशब्दमरर्दलः।**
**समागतो राजवदुद्धतद्युतिर्धनागमः कामिजनप्रियः प्रिये! ।।९।।**
સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

हे प्रिये! जलबिन्दुओं से पूर्ण जलधररूप मत्त हाथियोंवाला, बिजली के झण्डेवाला, वज्र के शब्द को नाश करनेवाला, कामिजनों को प्यारा राजा के समान विशेष तेजस्वी यह वर्षा-समय प्राप्त हुआ।।९।।


।। અતીતની અટારીએથી ।। નિત્ય યુવા પટેલ સાહેબ
**» રણછોડભાઈ એમ.પટેલ ..................................૩**

।। પ્રાથમ્ય ।। સત્કર્મોની સુવાસ
**» એસ.જી.પટેલ...................................................૭**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
**» રવિદાસ, મોરાર, દાસી જીવણ, મીઠો..................૧૦**

।। આપણો વૈભવ અને વારસો ।। **(ગદ્ય વિભાગ)**

**અલ અમીન**
**» કાકા કાલેલકર ...........................................૧૨**

।। નવાં કાવ્યો ।।
**» ગૌતમ વકાણી,સાહિલ, રામુ પટેલ 'ડરણકર', કિરીટ ગોસ્વામી ...........................................૧૩**

।। વાર્તા ।। તારી પડખે
**» ગિરા પિનાકીન ભટ્ટ ......................................૧૪**

।। ચિંતન ।। મૃત્યુ સાથે મૈત્રી
**» રણછોડ શાહ ...............................................૧૭**

।। સમીક્ષા ।। રાજેન્દ્ર શાહના કાવ્યોમાં પ્રકૃતિ નિરૂપણ
**» પ્રવિણભાઈ ભિખાભાઈ વજીર .........................૨૦**

।। લઘુકથા ।। મામેરું
**» નવીન જોશી ...............................................૨૩**

।। સંસ્થા પરિચય ।। G. J. Patel Institute of Ayurvedic Studies & Research New Vallabh Vidyanagar
» DR. C.H. Babaria ....................................૨૪

।। વિશેષ ।। मैं. समय हूँ
**» महेश स्टेलिन...............................................૩૧**

।। રમત જગત।। ક્રિકેટના એમ્બેસડરઃબ્રાયન લારા
**» પી.ડી. શર્મા ...............................................૩૨**

।। વિદ્યાવૃત્ત ।।
**» ૧૨, ૧૬, ૧૯, ૨૨, ૨૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯**



ISSN 0976 – 9609

# નિત્ય યુવા પટેલ સાહેબ

**- રણછોડભાઈ એમ.પટેલ**

સમાજ નભે છે એ કાર્યકરો થકી, દરેક સમાજમાં નિરંતર કામો થતાં રહે છે. પરંતુ જો કોઈ પણ પ્રવૃત્તિને સફળતાથી ચલાવવી હોય તો તે માટે નિષ્ઠાવાન, ધગશવાળા અને સેવાભાવી અભ્યાસી કાર્યકર હોવા જોઈએ. સમજુ અને શાણા સજ્જનો સમાજના કલ્યાણઅર્થે, એના ઉત્કર્ષ કાજે ભેખ ધરીને નિષ્ઠા અને ખંતથી પ્રજાસેવાનાં કાર્યોમાં રાત-દિવસ રચ્યાપચ્યા રહે છે. કૃતજ્ઞ સમાજ પણ આવા અનુકરણીય કાર્યકરોનું ઋણ અદા કરવા, નિમિત્ત શોધીને એમનું જે ઉચિત સન્માન કરે છે તે કોઈ એક વ્યક્તિનું નહિ, પરંતુ તે વ્યક્તિમાં રહેલા ગુણોનું સન્માન કરી લાંબા સમય સુધી એને યાદ કરે છે. સન્માનને પાત્ર વ્યક્તિનું સન્માન થવું જ જોઈએ. તેમ કરવાથી અન્ય જનોને તેમાંથી ધડો લેવાનું મળે છે અને સત્કાર્યોની પરંપરા જન્મે છે.

તદનુસાર વલ્લભવિદ્યાનગરની શૈક્ષણિક સંસ્થાઓના સૂત્રધાર તરીકે જેમણે સફળતાપૂર્વક સંચાલન કર્યું છે અને જેમની બુદ્ધિશક્તિ, કાર્યદક્ષતા, નિર્ભયતા, સંકલ્પબળ વગેરેને કારણે માત્ર ગુજરાત જ નહિ પણ દેશ પણ ગૌરવ લઈ  શકે એમ છે તેવા શ્રી એચ.એમ.પટેલ સાહેબનો અમૃત મહોત્સવ ઉજવાય છે તે સર્વથા ઉચિત હોવાથી સૌ પ્રથમ તો પટેલ સાહેબના અમૃત-મહોત્સવ અભિનંદન ગ્રંથની સમિતિના સભ્યોને આ માંગલિક કાર્ય માટે હાર્દિક અભિનંદન આપું છું. આપણે ગૌરવ લઈ આવા સજ્જનનો અમૃત મહોત્સવ ઉજવીએ છીએ એ પણ આપણા સૌને માટે આનંદની વાત છે.

આ પૃથ્વી પર વસતી જીવસૃષ્ટિમાં, માણસ સાવ લઘુમતીમાં હોવા છતાં, અક્કલ, હોશિયારી અને શક્તિથી જગતનું શ્રેષ્ઠ સર્જન બની શક્યો છે. જન ઈતરની જીવસૃષ્ટિમાં એમની વર્ષો જૂની જીવનઘટનામાં કોઈ ફેરફાર આપણને માલૂમ પડતો નથી. પક્ષીઓના માળા, કીડી-મકોડાનાં દર, કરોળિયાના જાળાં વગેરેની  કરામત નવાઈ પમાડે તેવી હોવા છતાં એમાં કોઈ ફેરફાર હજી થયો નથી. પરંતુ મનુષ્યે પોતાની બુદ્ધિ, સૂઝ, હિમ્મત, આવડત, અનુભવ વગેરેને આધારે આખી સમાજરચના બદલવાના પ્રયાસો કર્યા. મનુષ્યના જીવનનો વ્યવહાર એટલો બધો ઝડપથી વિસ્તરી રહ્યો છે, કે જો એનું સંચાલન થાય નહિ તો પ્રગતિ તો બાજુ પર રહી, પણ અવ્યવસ્થા જ ઊભી થાય.

સમાજ બદલવાના આવા જ એક પ્રયોગરૂપે વલ્લભવિદ્યાનગરની સ્થાપના થઈ હતી. આ નગરના વિશ્વકર્મા પૂ. ભાઈકાકાએ અથાક શ્રમ, સૂઝ તેમજ શક્તિથી સૌને આશ્ચર્યકારક લાગે એવી પ્રગતિ સાધી, વલ્લભવિદ્યાનગરનો અતિ ઝડપથી વિકાસ કર્યો.

જે કાર્યમાં યથાસમય કાર્યકરો જ્યારે મળતા હોય છે ત્યારે અન્યની સરખામણીમાં એની પ્રગતિકૂચ આશ્ચર્યકારક અને સંતોષપ્રદ હોય છે.

વલ્લભવિદ્યાનગરની સ્થાપનાનો એક દાયકો જ હજી પૂરો થયો હતો અને જ્યારે એની વિકાસ-પ્રવૃત્તિઓ ચાલુ જ હતી ત્યારે પૂ. ભાઈકાકાએ શરૂ કરેલા કાર્યનું સંચાલન કરે અને વિકાસકૂચ બીજું કોઈ આગળ ધપાવે એવી અનિવાર્યતા ઊભી થઈ ન હતી. તેમ છતાં જેમ પૂ. ભાઈકાકાએ નિવૃત્તિ પછી વલ્લભવિદ્યાનગરનાં સ્વપ્નો સાકાર કરવા પાછળ જહેમત ઉઠાવી તેમ શ્રીયુત પટેલ સાહેબે પણ સાકાર થયેલાં એ સ્વપ્નોને સંઘેડાઉતાર કરવા માટે સેવા આપવાનું નક્કી કર્યું તે વલ્લભવિદ્યાનગરની સ્થાપના,વિકાસ અને પ્રગતિમાં રસ ધરાવનાર સૌ કોઈ માટે સદ્‌નસીબની બીના હતી.

આ ઘટના સદ્‌નસીબરૂપે એટલા માટે હતી કે વિકાસની અનેક તક હોવા છતાં વલ્લભવિદ્યાનગર એની ગતિએ પ્રગતિ કરતું હતું. એની અનેક આશાઓ અને નિરાશાઓ તથા અનેક સિદ્ધિઓ અને ક્ષતિઓ હતી. આ વિદ્યાધામના સંચાલનની જવાબદારી શ્રી પટેલ સાહેબે સ્વીકારી એ હકીકત જ ઘણાને નવાઈ ઉપજાવે એવી હતી. પણ એ વાત નોંધવા જેવી છે કે વલ્લભવિદ્યાનગરની સ્થાપના થઈ ત્યારથી શ્રી પટેલ સાહેબ એની પ્રગતિમાં અત્યંત રસ લેતા જ હતા.

બહુમુખી પ્રતિભાસમ્પન્ન શ્રી પટેલ સાહેબના માર્ગદર્શન અને સલાહસૂચનોને લઈ વલ્લભવિદ્યાનગરે અને સરદાર પટેલ યુનિવર્સિટીએ નોંધપાત્ર પ્રગતિ સાધી છે.

સંકલ્પ એ જીવનસિદ્ધિની પહેલી અને અગત્યની શરત છે. જીવનસિદ્ધિના માર્ગની કેડી એટલે ક્ષોભ વિનાની સ્વસ્થતા, જ્યાં દૃષ્ટિ, શ્રદ્ધા અને શક્તિનો સમન્વય થાય છે ત્યાં સિદ્ધિ વિજયની વરમાળા લઈને ઊભી જ હોય છે. શ્રી પટેલ સાહેબમાં આ ગુણો સૌ કોઈને દૃષ્ટિગોચર થયા વિના રહે નહિ. પરિશ્રમને તો તેમણે જાણે જીવનમંત્ર બનાવ્યો ન હોય, એમ એમનો કાર્યક્રમ જોતાં જણાય છે. શ્રી પટેલ સાહેબ અનેક અગત્યનાં કામો કે યોજનાઓમાં સંપૂર્ણતયા કાર્યરત હોવા છતાં યુનિવર્સિટીની નાની-મોટી હરકોઈ પ્રવૃત્તિમાં સક્રિય રસ લઈ, ઝીણવટપૂર્વક એનો અભ્યાસ કરતા અને આવશ્યક માર્ગદર્શન પૂરૂ પાડતા હતા. એમના અભિપ્રાયમાં આગ્રહભર્યું સૂચન હોય પણ તે બુદ્ધિની નિકષે કસેલું અને અનુભવના એરણે ઘડાયેલું હોવાથી સૌને સ્વીકાર્ય રહેતું. વિવિધ વિષયોમાં એમનાં મંતવ્યો તદ્દન સ્પષ્ટ જ હોવાના. આમ પણ સારૂ અને તેમ પણ સારૂ એવી ગોળ-ગોળ વાતોને અવકાશ જ નહિ. એક બાજુ દૃઢ મંતવ્ય હોવા છતાં ખુલ્લા મન અને દિલથી સામા માણસના સૂચનને કે વાતને સમજવાની ખેલદિલી જોવા મળે તો બીજી હળવી વિનોદવૃત્તિથી ક્યારેક ભારે વાતાવરણને તેઓ હળવું પણ બનાવી શકે છે. તેમનું વલણ સચોટ અને વાસ્તવવાદી છે.

એમ કહેવાય છે કે કોઈ અક્ષર એવો નથી જે અમન્ત્ર હોય, એવું કોઈ વૃક્ષનું મૂળિયું નથી જે ઔષધરૂપે કામ ન લાગે, અને કોઈ માણસ એવો નથી જે કામ માટે અયોગ્ય હોય. પરંતુ જે જરૂરત છે તે કેવળ યોગ્ય રીતે વિનિયોગ કરે તેવી શક્તિની. વિવિધ ક્ષેત્રની, જુદા


ISSN 0976 – 9609

જુદા વિષયની, જુદી જુદી સમિતિમાં વારાફરતી શ્રી પટેલ સાહેબ હાજરી આપતા હોય અને છતાં આશ્ચર્યકારક બીના તો એ છે કે જ્યારે કોઈ મુદ્દા પર એ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે ત્યારે જે વિષયના સભ્યો કરતાં પણ એ બાબત અંગે એમનો અભ્યાસ તલસ્પર્શી જણાય. મિટિંગમાં જો એ હાજર હોય તો શાંત ચિત્તે ચાલી રહેલી ચર્ચાવિચારણા સાંભળ્યા કરે અને પછી કેન્દ્રવર્તી વિચારને સહજમાં પકડી પાડી ચર્ચાને તેઓ યોગ્ય ઝોક આપે. ગૌણ વાતને કોરાણે મૂકી મુખ્ય વિચારને આગળ કરી ચર્ચાને સમતોલ અને ઉપયોગી બનાવવી એ પણ એક કળા છે, અને તે કળા શ્રી પટેલ સાહબને સાધ્ય છે. યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળોની સભામાં એમની હાજરી અનિવાર્ય ગણાતી.

સંસારમાં પ્રત્યેક વ્યક્તિને ઘણી વ્યક્તિઓના સહવાસમાં આવવું પડે છે. એ વ્યવસાય અંગે હોય કે પછી સામાજિક કે આધ્યાત્મિક ક્ષેત્રે હોય, વ્યક્તિને મળવાથી એની અમુક પ્રકારની છાપ આપણા પર પડે છે. આવી છાપ વધારે સહવાસથી વધારે દૃઢ બને છે.

સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ તરીકે મારી વિધિસર નિમણૂક થઈ તે અગાઉ થોડાં વર્ષો પહેલાં, થોડા મહિનાઓ માટે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકે જવાબદારી વહન કરવાનું મારે શિરે આવ્યું હતું. આમ તો, યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટના સભ્ય તરીકે, ખેતીવાડી વિદ્યાશાખાના ડીન તરીકે તેમજ બીજાં અનેક સત્તામંડળોની સભામાં સભ્ય તરીકે મેં કામગીરી બજાવી હતી તેથી શ્રી પટેલ સાહેબના જ્ઞાન, ચીવટ, શકિત, સૂઝ વગેરે ગુણોનાં દર્શન થયેલાં, પરંતુ કાર્યકારી કુલપતિ તરીકેની મારી કામગીરી દરમિયાન ગૂંચવણભર્યા પ્રશ્નોમાં પણ જે ત્વરાથી અને સર્વગ્રાહી દૃષ્ટિથી તેઓ માર્ગદર્શન આપતા હતા તે સ્પષ્ટ યાદ છે.

શ્રી પટેલ સાહેબની વાંચવાની ઢબ, વિચારવાની ઢબ અને લખવાની ઢબ જ સાવ નોંખી. અનેકવિધ ક્ષેત્રોમાં જ્ઞાન અને અનુભવ ધરાવતા શ્રી પટેલ સાહેબ શરૂઆતથી તે આજપર્યંત યુનિવર્સિટીના વિકાસમાં અગત્યનો ફાળો આપતા રહ્યા છે. યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રમાં આવતા પ્રશ્નો, પછી તે મકાનોનો પ્રશ્ન હોય કે પ્રકાશનોનો-એમનું માર્ગદર્શન હંમેશા ઉપયોગી જ નીવડ્યું છે. કોઈ અગત્યના પ્રકાશનનું કામ અટક્યું હોય કે નાણાંભીડને કારણે હાથ ધરી શકાયું ના હોય તો અનુદાન મેળવી આપવા સુધીનો સક્રિય રસ એઓ હંમેશા લેતા. તાજેતરમાં જ, યુનિવર્સિટીએ હાથ ધરેલી ગૃહવિદ્યાપીઠની ગરજ સારે તેવી ૩૦ ગ્રંથોની જ્ઞાનગંગોત્રીની ગ્રંથમાળાના બાકીના ગ્રંથોના પ્રકાશન માટે કેન્દ્ર સરકારે જે જરૂરી અનુદાન મંજૂર કર્યું તે ન તો ગ્રંથમાળાને કારણે કે ન તો યુનિવર્સિટીને કારણે, પરંતુ એ શ્રી પટેલ સાહેબની શુદ્ધ વિદ્યાપ્રીતિને કારણે જ, વળી આ યુનિવર્સિટી પ્રત્યેની મમતાનું દ્યોતક કાર્ય પણ એ છે. પોતાની સંસ્થાઓ માટે મદદરૂપ થવા તેઓ સદાય તત્પર જ હોય.

શ્રી પટેલ સાહેબ જે સરળતાથી આ બધું સિદ્ધ કરી શકે છે તેનું કારણ છે, તેઓ એક પ્રથમ પંક્તિના સુપ્રસિદ્ધ વહીવટકર્તા છે. એમની-બુદ્ધિપ્રતિભા અસાધારણ કોટિની છે. એમણે જે જે

ક્ષેત્રોમાં પદાર્પણ કર્યું તે બધાં જ ક્ષેત્રોમાં તેઓ ટોચ સુધી પહોંચ્યા છે. પ્રત્યેક ક્ષેત્રમાં તેમણે કરેલું પ્રદાન વિગતવાર જોવા જોઈએ તો આ લેખની મર્યાદામાં એ ન સમાય. એમની બુદ્ધિપ્રતિભા, જિલ્લા કક્ષાના વહીવટથી માંડીને કેન્દ્ર સરકારમાં ભારે જવાબદારીવાળાં ટોચનાં કાર્યો સુધી વિસ્તરેલી જોવા મળે છે. વહીવટનો અનેક સ્તરીય અનુભવ વિચક્ષણતા, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા વગેરેને કારણે અગાઉ સરકારો વહીવટીતંત્રમાં જેમ સર્વોચ્ચ વિરલપદનો અધિકાર શ્રી પટેલ સાહેબને સાંપડેલો, તેમ વર્તમાનમાં પણ, દેશનો વહીવટ ચલાવવામાં એમની અમૂલ્ય સેવાઓ લેવાઈ રહી છે. શ્રી પટેલ સાહેબના વિકાસની સાથે એમનાં જીવનસંગિની સદ્‌ગત મુ. સવિતાબહેનનો સહયોગ સંકળાયેલો છે. અને આવા સાથને લીધે શ્રી પટેલ સાહેબ ઘણું ઘણું કરી શક્યા છે એ પણ ઈશ્વરનો અનુગ્રહ ગણાય.

જીવનના કોઈ પણ એક અથવા એકથી વધારે ક્ષેત્રોમાં જે વ્યકિતઓએ અસાધારણ સફળતા પ્રાપ્ત કરી હોય છે. તેવાઓના જીવનમાંથી ઘણું જાણવાનું અને શીખવાનું હોય છે. સફળતાને વરેલી વ્યક્તિ નસીબદાર હતી અથવા તો અકસ્માતથી તેમ બન્યું છે, એમ માનીને-કહીને સમાજનો કેટલોક વર્ગ સંતોષ માને છે. તેવો વર્ગ વિચારવા કે તપાસવા તૈયાર નથી, કે અસાધારણ સફળતા, વ્યક્તિના જીવનમાં જરૂરી તપશ્ચર્યા, ખંત, ધીરજ, ઉત્સાહ,બુદ્ધિ અને ચારિત્ર્યના ગુણોને આભારી હોય છે. કોઈપણ વ્યકિત સંપૂર્ણ તો હોતી જ નથી. દરેક વ્યક્તિમાં કંઈક ત્રૂટિ કે ખામી હોય છે જ. પણ સફળ થયેલી વ્યક્તિમાં ગુણોનું પ્રાધાન્ય અવગુણો કરતાં અનેકગણું વધારે હોય છે.

કોઈ મનુષ્ય એક જ જન્મમાં ઘણી શક્તિઓને ઘણાં ગુણો ખીલવી શકતો નથી. પણ અનેક જન્મોના સંચિત ફળરૂપે અનેક શક્તિઓ અને સદ્‌ગુણોને ખીલવી શકતો હોય છે. કારણ કે પ્રભુ સૌ કોઈમાં વસેલો હોય છે, બીજરૂપે રહેલો હોય છે અને તે દરેક જન્મે, કોઈ કોઈ શક્તિરૂપે, સદ્‌ગુણરૂપે પ્રગટ થઈ રહ્યો હોય છે. પંચોત્તેર વર્ષની પાકી ઉંમરે, કર્મવીરના ખંતથી, શારીરિક તેમજ માનસિક રીતે અજેય ઉત્સાહ અને આનંદથી અવિરત શ્રમ લઈ શ્રી પટેલ સાહેબ અનેક નાની મોટી સંસ્થાઓ તથા દેશના ઉત્કર્ષમાં પ્રાણ રેડી રાષ્ટ્રહિતનાં ને જનકલ્યાણનાં કાર્યો કરી રહેલ છે. આવા મહાનુભાવ શ્રી પટેલ સાહેબ અપૂર્વ શકિત અને કીર્તિ પ્રાપ્ત કરી, સ્વાસ્થ્યસભર ઈશ્વરનિર્મિત દીર્ઘાયુ આપણી સૌની વચ્ચે રહી વ્યતીત કરે તે માટે પરમકૃપાળુ પરમાત્માને મારી હૃદયપૂર્વકની નમ્ર પ્રાર્થના છે.

---

(તા.૨૩-૭-૧૯૭૯)

(શ્રી એચ.એમ.પટેલ અમૃત મહોત્સવ અભિનંદનગ્રંથમાંથી સાભાર)


ISSN 0976 – 9609

## સત્કર્મોની સુવાસ

**એસ.જી. પટેલ**

કર્મ એ કુદરતનો નિયમ છે. કર્મ એ આપણા જીવનનું ચલણ છે. કર્મિક ક્રિયાઓના ચલણથી તમે તમારા જીવનના અનુભવો મેળવી શકો છે- તે સારા-ખરાબ, સુખદ કે દુઃખદ હોઈ શકે. કર્મ એ કારણ અને અસરનો એવો નિયમ છે કે જેનાથી દરેક વ્યક્તિ પોતાના સંકલ્પો, શબ્દો અને પ્રતિભાવો થકી તેની નિયતિ નિર્ધારિત કરી શકે છે.

કર્મના સિદ્ધાંત પ્રમાણે તમારી પાસે કર્મોનો ખજાનો ભરેલો છે. તેમાં વ્યક્તિગત કર્મ, સાંસ્કૃતિક કર્મ અને માનવ જાતિ સાથે સંકળાયેલ બધાં જ કર્મોનો સમાવેશ થાય છે. તમે જે જીવન અનુભવો છે, તે તમારા નાના-મોટાં, અનન્ય અને બીજા અનેક કર્મોથી રચાયેલ જાળીમાં ગુંથાયેલ છે.

મૂળભૂત રીતે જ્યારે તમે કશાકને ધક્કો મારો છો તો તે બળની દિશામાં ખસે છે. હવે આ વિચારનો વિસ્તાર કરો તો સમજાશે કે સમગ્ર વિશ્વ આવી ચળવળથી રચાયેલ છે અને તેની પ્રતિક્રિયાઓ થયા જ કરે છે. તમારું શરીર તમારા માતાપિતાના એકબીજા માટેના આકર્ષણના પરિણામે સર્જાયેલ છે. તેની શરૂઆત શુક્રાણું અને બીજાણુંના મિલનથી બનેલી ગર્ભપેશીથી થાય છે. આ ગર્ભપેશીના વિભાજનથી બનેલ અનેક જીવકોષો અવયવો માંસ અને લોહીના ઘટકોમાં રૂપાંતરણ પામે છે. તેમનો જરૂરી હવા-પાણી અને પોષક તત્વોના સહકારથી શરીરની વૃદ્ધિ અને વિકાસ થાય છે. આ બધી હલચલના પરિણામે આપણું શરીર જીવંત બને છે. જીવંત શરીરમાં થતી કેટલીક હલચલ આપણને દશ્યમાન થાય છે. જ્યારે બીજી ઘણી બધી હલચલ જોઈ શકાતી નથી પણ અનુભવાય છે. તેમાં અસંખ્ય અને સૂક્ષ્મ ઈલેક્ટ્રો-કેમિકલ ક્રિયાઓનો સમાવેશ થાય છે.

સમગ્ર વિશ્વ એટલે બ્રહ્માંડ અનેક ચક્રાવાઓના ચક્રાવાથી સતત ફરતું જ રહે છે. તેમાં મહાન તારાવિશ્વોથી માંડીને નાના તારાસમૂહો, ગ્રહો-ઉપગ્રહો અને માનવ સમુદાયોનો સમાવેશ થાય છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ અણુ-પરમાણુ અને તેમાં ઘૂમતા ઈલેક્ટ્રોન પોતાની નાભીની પ્રદક્ષિણા કરતા જ રહે છે. હલચલ એ પ્રાકૃતિક છે અને તે તમામ સર્જનની ગુણવત્તા છે. આપણું વિશ્વ કર્મના બળતણ આધારિત ચાલે છે. એવું વિચારી શકાય. જેમ ન્યુટનનો ગતિનો ત્રીજો નિયમ જણાવે છે કે ક્રિયા અને પ્રતિક્રિયા સમાન છતાં એકબીજાની વિરૂદ્ધ દિશામાં લાગુ પડે છે તેમ કર્મનો નિયમ અનુસરે છે. કર્મિક નિયમની ઓળખ મેળવવા કર્મ આપણી ભીતર અને બહાર કેવી રીતે અસર કરે છે તે જાણવું જરૂરી બને છે. જીવન એ કર્મના નિયમ આધારીત જીવંત પાઠ્યપુસ્તક સમાન છે. તેને વિશાળ દૃષ્ટિથી મૂલવતાં સમજાય છે કે આપણે જેવી ઇચ્છા ધરાવીએ કે દિલમાં ધડકન હોય એ પ્રમાણે જ ઘટનાઓ ઘટે (બને) છે. કોઈપણ પરિસ્થિતિમાં ઊભી થયેલ ઝનૂની સતામણીઓ રોકટોક વિના સતામણી જ બની જાય છે. તમે એવું પણ અનુભવ્યું હશે કે તમારાં સત્કર્મોનો પ્રભાવ હૃદયમાં હળવાશ અને આનંદ આપે છે અને તેનાથી તમારા જીવનમાં સારપ પ્રવેશે છે.

ચલચિત્રોની વાર્તાઓ અને નવલકથાઓમાં પણ કર્મના સિદ્ધાંતોની સાહજિક સમજ પ્રદર્શિત થતી હોય છે. તેમાં હંમેશાં દુષ્ટ પાત્રો ઉપર સજ્જનોનો વિજય થતો જોવા મળે છે. માનવ જાતિમાં કર્મનો નિયમ પુરાણા સમયથી અનુસરાયેલ છે. આદિવાસી તરીકે માણસ ગુફામાં રહેતો ત્યારે પણ એણે જ્યારે આગમાં હાથ નાખવાથી દાઝી જવાય એવી ખબર પડી ત્યારથી તેણે એવું કરવાનું બંધ કર્યું હતું. હકીકતમાં કર્મ એ વૈશ્વિક નિયમ છે. છતાં તે હજુ સુધી સમાજના બધા લોકો સારી રીતે સમજ્યા નથી. સમાજમાં વાત વાતમાં બોલાઈ જાય છે.- 'હા...હા...આ બધું તેના કર્મના પ્રતાપે જ થયું.-'

કર્મ અંગેના વિચારોને આત્મસાત કરતાં એક વિશાળ અને ઊંડા સરોવરની કલ્પના કરો જેમાં તમારો આત્મા વિહાર કરી રહ્યો છે. જ્યારે સરોવર શાંત અને સ્થિર છે ત્યારે તમને ભરચક જીવનનું ઊંડાણ દેખાય છે. પણ ઝડપી પવનના દિવસે સરોવરના પાણીની ઉપરની સપાટી પર પડેલાં પાંદડા અને લાકડાના ટૂકડાઓ એકબીજા સાથે અથડાયા કરતા હોવાથી સરોવર એવાં મોજામાં રૂપાંતર થઈ જાય છે તેથી તેની ઊંડાઈનો ખ્યાલ આવતો નથી. આમ

આપણા જીવનમાં કર્મ પવનના જેવું વર્તે છે. આના સંદર્ભમાં વિચાર કરતાં કર્મના બે ભાગ પાડી શકાય.

તાજા કર્મઃ પવન એ વર્તમાન કર્મની લહેર સમાન છે જેનાથી તમારી અનંત વિચારમાળા, બોલ અને ક્રિયાઓ શાંત થઈ જાય છે.

જૂનાં કર્મઃ પાણીની સપાટી પરના લાકડાના ટૂકડા અને પાંદડા જૂના કર્મોની સમાન છે કે જેની અસર નાબૂદ કરી શકાતી નથી. આવા કર્મો પૂર્વજો અને સામાજિક રીતરિવાજો સાથે જોડાયેલા છે.

હવે, સમજૂતી કરીએ કે-તમારી પાસે જૂના કર્મો જેવાં કે સરોવરની સપાટી પરના પાંદડા-લાકડા જેવાં છે તેની પર કંટ્રોલ નથી, પરંતુ તમારી પાસે પસંદગી છે કે હવે પછીનાં કર્મ કેવાં કરવાં કે જેથી જીવનની ઊંડાઈ માણવા પવનની લહેર સમાન બની રહે.

શક્ય છે કે તમારાં પૂર્વ કર્મોનો કચરો ભેગો થઈ ગયેલો છે, છતાં વર્તમાન કર્મોની કાળજી એવી રીતે લઈએ કે જેથી સત્કર્મોની હલચલ સરોવરના કિનારા સુધી તરંગ સ્વરૂપે પહોંચી અને તળિયા સુધીનું દર્શન સ્પષ્ટ બની જાય. જો તમો કર્મોનો એવો વંટોળ ઊભો કરશો તો તેમાં અહંકાર-સ્વાર્થ-લોભ-મોહ-માયા વગેરે ભળવાથી સમગ્ર પરિસ્થિતિ આપણી કાબૂ બહાર થતાં ગૂંચવાડા જ ઊભા થશે.

જ્યારે તમો આંતરિક શાંતિની અવસ્થામાં પહોંચો છો ત્યારે નવાં કર્મોની એવી સરસ લહેર ઉત્પન્ન થશે કે જેથી તમારાં કર્મોમાં તમારા માનસ પટલ પર સ્પષ્ટ દશ્યો સજાર્શે ત્યારે આપોઆપ જીવનના રહસ્યોની ઊંડાઈ પ્રકાશિત થઈ દેખાશે. એક સરસ ઘટના કર્મનો સિદ્ધાંત સમજવા ઉપયોગી થશે.

એક મોટા ગામમાં એક ગરીબ વાણિયાનું ઘર હતું. વાણિયાની દશા બહુ ખરાબ હતી. તેની પાસે કોઈ ધંધો કે રોજગાર નહોતો. તે ગામમાં એક પ્રવાસી સાધુ આવ્યા. તેમણે ગામ બહાર એક મોટા વડ નીચે સરસ આસન જમાવી બેઠક લીધી. ગામના લોકોને ખબર પડી કે આપણા ગામની ભાગોળે એક મહાન સાધુ આવ્યા છે. ગામના લોકો તે સાધુના દર્શન અર્થે તેમજ પ્રવચન સાંભળવા આવવા લાગ્યા મહારાજની વાણીથી લોકોને આનંદ થયો, તેથી સવાર-સાંજ તેમના સ્થાનક પાસે ભીડ થવા લાગી. પેલા ગરીબ વાણિયાને થયું કે હું પણ તે સાધુના દર્શન માટે જાઉં. સાધુની જ્યાં બેઠક હતી ત્યાં આવી મહારાજને નમન કરી દૂર જઈ બેઠો. કથા-પ્રવચન પૂરું થતાં બધાં ગામજનો પોતપોતાના ઘેર ગયા, પરંતુ વાણિયો બેસી રહ્યો. બપોરની વેળા થઈ એટલે મહારાજની નજર પેલા દૂર બેઠેલા વાણિયા તરફ ગઈ તેમણે ઈશારો કરી પાસે બોલાવ્યો. વાણિયો નજીક આવી નમન કરી હાથ જોડી સાધુ પાસે બેઠો. સાધુ બોલ્યાઃ ભાઈ! સૌ ઘેર ગયા, તમે કેમ બેસી રહ્યાં છો? વાણિયો બોલ્યોઃ મારા જીવનમાં દુઃખ દુઃખને દુઃખ જ છે. સુખ કોને કહેવાય તેની મને ખબર જ નથી. ઘરે કોઈ કામ ન હોવાથી બેઠો છું. મહારાજને દયા આવી, તેમણે પોતાના તપના બળે સમાધિ ચઢાવીને વાણિયાનું દુઃખ જોયું. સમાધિમાંથી ઊતરીને મહારાજ બોલ્યાઃ બેટા! ખરેખર તારા જીવનમાં દુઃખ છે પરંતુ, બેટા! હું તને મારા તપના બળે તારા જીવનમાં પાંચ વર્ષ સુખના આપવા માંગુ છું. બોલ, તારે અત્યારે સુખ લેવું છે કે ઘડપણમાં? વાણિયો બોલ્યોઃ મહારાજ આપ દયા કરતા હોય તો પાંચ વરસ સુખ અત્યારે જ આપો. કારણ કે દુઃખ તો મેં બહુ વેઠ્યું, હવે સુખ આપો, પાછળ તો દુઃખ વેઠી લઈશ. સાધુ બોલ્યાઃ જા, આજથી તું જે કરીશ તેમાં તું સફળ થઈશ.

આ સાંભળી વાણિયાની હોંશ વધી ગઈ, ઘેર આવી વધીઘટી ઘરવખરી બજારમાં વેચી તે પૈસાથી સામાન લઈ બજારમાં વેપાર કરવા બેઠો. થોડીવારમાં લાવેલ સમાન વેચાઈ ગયો. તે પૈસામાંથી બીજો સામાન લાવ્યો તે પણ વેચાઈ ગયો. આમ કરતાં કરતાં તેનો ધંધો જામી ગયો. ટૂંક સમયમાં ગામમાં મોટી દુકાન લીધી અને તેનો ધંધો-સાખ વધવા લાગી. નવું ઘર બનાવ્યું. લગ્ન કર્યા. પરિવારમાં પારણું બંધાયું. સુખની પળોથી આનંદ વધવા લાગ્યો.

એક રાત્રે વાણીયાએ વિચાર કર્યો કે મહારાજના આશીર્વાદથી મારા જીવનમાં દુઃખ જેવું કંઈ રહ્યું નથી.


ISSN 0976 – 9609

સવારમાં ઊઠી પેઢી પર બેસતાંની સાથે પોતાના મુનીમને જણાવ્યું કે આપણા ગામમાં ગૌશાળા, ચબૂતરો, પરબ, ઢોરોને પાણી પાવા માટે હવાડો અને ધર્મશાળા બંધાવો. વળી આજુબાજુના ગામડાઓમાં પણ આવાં સત્કાર્યો ચાલુ કરાવો. આમ વાણિયાએ ધર્મકાર્ય ચાલુ કરાવી દીધા. વાણિયાને વિશ્વાસ હતો કે હું ગમે તેટલા રૂપિયા વાપરીશ તોય ખૂટવાના નથી. સમયના વહેણ સાથે દીકરો મોટો થવા લાગ્યો. સુખમાં પાંચ વરસ પૂરા થવા આવે છે એટલામાં ત્યાં ફરતા ફરતા પાંચ વર્ષ પહેલાં આવેલ સાધુ ફરીથી એ ગામમાં આવ્યા. લોકોને જાણ થવાથી તે સાધુના દર્શને આવવા લાગ્યા. આ વાત જાણતાં વાણિયો પોતાના પરિવાર સાથે મહારાજના દર્શન કરવા આવ્યો.

મહારાજના ચરણોમાં માથું નમાવી પગે લાગ્યો. મહારાજે વાણિયાને ઓળખ્યો અને બોલ્યાઃ ભાઈ કેમ છો? મજામાં છો ને? વાણિયો બોલ્યોઃ મહારાજ આપની કૃપાથી કોઈ ખોટ નથી અને હવે સુખના મારા પાંચ વર્ષ પૂરા થવા આવ્યા છે. આપની અમી દૃષ્ટિથી મેં જીવનના બધા સુખ ભોગવ્યા છે, હવે દુઃખ આવે તેની મને ચિંતા નથી. સાધુ બોલ્યાઃ તમારી વાત સાચી છે, હવે તમારા જીવનમાં દુઃખની શરૂઆત થશે. આટલું બોલી મહારાજ શાંત થઈ વિચાર કરવા લાગ્યા કે આ વાણિયાએ પાંચ વર્ષ શું કર્યું, લાવ સમાધિમાં જોઈ આવું. આવું વિચારી સમાધિ ચઢાવી જોઈ લીધું. ત્યાં વાણિયો બોલ્યોઃ ભગવંત હવે હું દુઃખ વેઠવા તૈયાર છું. મહારાજ બોલ્યાઃ અરે ગાંડાભાઈ! તે આ પાંચ વરસોમાં એટલા બધા પુણ્યકાર્યો કર્યા છે કે આ જીવનમાં તો દુઃખ નહીં આવે, પણ તારી સાત પેઢીમાં પણ દુઃખ નહીં આવે. તારા સત્કર્મોથી તેં તારા જીવનને બદલી નાખ્યું છે. એટલે જ કહેવાય છે-

''તેરા જીવન સે હૈ કર્મો સે નાતા, તુ હી અપના ભાગ્ય વિધાતા.''

---

- માનદ્‌મંત્રી ચારુતર વિદ્યામંડળ
વલ્લભવિદ્યાનગર
ફોનઃ- (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈ-મેઈલઃ- sgpatel1948@gmail.com

**।। પ્રતિભાવ।।**

વિ.વિદ્યાનગર સાહિત્યના નવા આયામો રજૂ કરતું સામયિક છે. દરેક અંક વિવિધ સાહિત્યક-રંગથી ખીલેલા જોવા મળે છે. સપ્ટેમ્બર-૨૧માં કાવ્ય-'ચકલો થૈ બેઠો નિવૃત્ત'-ખરેખર તો માનવ મનનાં દંભ ઉઘાડા પાડતું કાવ્ય છે, તેમ મને લાગ્યું છે. 'ઠીબના જળનો અધિકારીને મળી ગયું છે અમૃત...' પંકિતમાં ચોટ અનુભવાય છે. સાથે સાથે..., 'સાંજ પડી ઘર આવો વાલમ...' ચિંતનાત્મક લેખ સરળ શૈલીમાં ગહન વાત કરી શક્યો છે.
સાહિત્યના ઊંચા માપદંડ જાળવી રાખતું આ સામયિક ખૂબ પ્રગતિ કરે, વાચકો, લેખકોની તરસ છીપાવતું રહે તેવી શુભકામના.

-આરતીબા ગોહિલ 'શ્રી'

## પરમાતમ પરકાસ

**- રવિદાસ**

જાગીને જોતાં રે સપનું સમાઈ ગયું રે,
પરગટિયો કાંઈ પરમાતમ પરકાસ,

સતગુરુ દૃષ્ટે રે હરિ વિના અન્ય નથી રે,
દીસે કાંઈ મિથ્યા માયાનો ભાસ જાગીને.

ઉલજણ ભાંગી રે સુલજી રે સ્હેજમાં રે,
મટી ગિયાં કાંઈ વાચક જાળના ફંદ,

સોહં સનાતન રે સબ ઘટ રમી રહ્યો રે,
વરત્યો છે અક્ષરાતીત આનંદ-જાગીને

પહોંચી નવ શકે રે બુદ્ધિ તિયાં બાપડી રે,
મન ને વાણીથી વરજિત વસ્ત,

સ્થૂળ સૂક્ષમથી રે પરે પરમાતમા રે,
નિરગુણ નિરમોહી નિહચળ તત્ત્વ- જાગીને

સૂન્યાતીત રે સૂન્યમેં સોહામણા રે,
ઝળકે કાંઈ તેજપુંજ ભરપૂર,

બાહિર ભીતર રે સબ રસ રામ રે,
રવિદાસ ઝીલે બ્રહ્મસિંધુ નૂર-
જાગીને જોતાં રે સપનું.

## નિશાની જડી

**- મોરાર**

આ તે રંગ શેનો રે,
એ જી બીબે બીજી ભાત પડી,
એવા વાલમ વેહની રે,
એ જી મુને નિશાની જડી.

આતમ ચિન્યા વિના કથણી કથે રે, કૂંડા બ્રહ્મ ગિનાન,
ભક્તિ તણો જેને ભેદ ન લાધ્યો રે, મેલે ઢૂંસાની પરાણ.

એવા વાદ વદીને રે.
કાઢે છે હડિયાહડી-

નટવા હો કર નાટક ખેલે રે, ઊભે વાંસ ચડી,
આ પલ ચૂક્યો આતમા રે, અધવચ રહીશ અડી.

એવા જોગ ન સાધ્યા રે,
ખેલ છે ખરાખરી-

શૂરા હોય તો તે સનમુખ રે રે, આગની ઓળખાણ,
પૂરવના નર પરગટ હોશે રે, નિત નિત અદકી સુવાસ

એવા રણવટ ચડિયા રે,
હાથે લઈ ગિનાન છડી.

નિરવિખ હો કર સમરણ કર લે. ત્રિવેણી ટંકશાળ,
દાસ હાથીને ગુરુ મોરાર મળિયાં, સબળે લીધી સાર,

એવો ત્યાંથી રંગ લાવ્યો રે,
કુબુદ્ધિને કાઢી પરી.
આ તે રંગ શેનો રે,
એ જી બીબે બીજી ભાત પડી.


ISSN 0976 – 9609

## મેરમને કોઈ મનાવો!

- દાસી જીવણ

મનાવીને મોલે લાવ રે,

મેરમને કોઈ મનાવો !-

ચોળ મજીઠી ચૂંદડી, માંઈ કસુંબી રંગ,
અળગા રહી વાતું કરો, અભડાશે માંઈલા અંગ રે... મેરમ

રાધા હાલે તલખતાં, નૈણે નીર ન માય,
નંદબાવાનો બેટડો, રિસાવીને ચાલ્યો જાય રે... મેરમ

શામળા કારણ સ્વાંગ ધરી, પેરું ભગવો વેશ,
એમ કરતાં હરિ નઈ માનો તો, વેરાગણ થઈ ત્યાગું દેશ રે... મેરમ

અરધી રાતનાં જગાડિયાં, પ્રભુજી આવ્યા પાસ,
દાસી જીવણ ભજે ભીમને, પૂરો મારા અંતરની આસ રે.....

-મેરમને કોઈ મનાવો !

## મોસમ ટાણું

- મીઠો

મોસમ ટાણું ને બેડી મારી જાજરી,

બેડી મારી કેમ કરી ઊતરે ભવપાર?

બેડીનાં ખૂટી રે ગિયા ચારે ખારવા

ગિયા એના હાકણહાર રે. -મોસમ

બેડીના હાંકવાવાળા જોને ખારવા,

ડોલે એનાં મધસમદર વહાણ રે. -મોસમ

બેડીનાં નાંગર તૂટ્યાં ને નાડાં થિયા નાધડાં,

બૂડી ગિયા એના હાકણહાર રે. -મોસમ

દાસ રે મીઠાના સ્વામી સામળા,

સુણી લેજો ગરીબુંનિવાજ રે

મોસમ ટાણું ને બેડી મારી જાજરી.

## 'અલ અમીન'

– કાકા કાલેલકર

જગતમાં મતભેદ, દૃષ્ટિભેદ અને હિતભેદ રહેવાના જ. મારીને, લડીને વાદવિવાદ કરીને, પગે પડીને, ચૂપ બેસી રહેવાથી એ ભેદ જવાના નથી.

સમાજમાં આ બધી વિવિધતાઓ હોવાની જ. સમાજ જેમ જેમ વધતો જાય તેમ તેમ તેની પ્રવૃત્તિ વિવિધ થઈ જવાની, કાર્યની પદ્ધતિમાં ભિન્નમતિ આવવાની. એથી પણ આગળ જઈને એમ કહેવું જોઈએ કે જીવન સમૃદ્ધ થાય તે સારુ ભેદ આવશ્યક પણ છે. તદ્દન સાદા સંગીતને પણ ચાર-પાંચ સૂરની જરૂર રહે છે. ઉચ્ચ પ્રકારના સંગીતને બાવીસ શ્રુતિઓની જરૂર પડે છે.

તેથી પ્રશ્ન એ નથી કે મતભેદ કેમ ટાળવા. પરંતુ મતભેદને વિશે સહિષ્ણુતા અને આદર જાળવી સંપ કેમ રાખવો એ સાચો પ્રશ્ન છે. ઘરમાં રોટલો એક જ હોય અને ખાનાર બાળકને માતા બે જણ હોય, તો તે બંન્નેનો સ્વાર્થ પરસ્પર વિરોધી છે. પરંતુ તેટલા જ કારણથી તે બે વચ્ચે લડાઈ ઊભી થતી નથી, કેમ કે બન્નેમાં રહેલાં સમજ અને પ્રેમની શક્તિ વધારે બળવાન છે.

સમાજમાંથી તકરારો કાઢવાને સારુ પણ આ જ ગુણોનો પરિપોષ કરવો જોઈએ. સમાજમાંના પ્રતિષ્ઠિત, ધર્મનિષ્ઠ અને કારુણિક લોકોએ જીવનની રોજની ઘટમાળમાં મન પરોવી, સર્વના હિતની દૃષ્ટિ રાખી લોકોને સલાહ આપવી જોઈએ. સત્તાના પ્રવેશ થતાં જ સંબંધ ઝાંખો પડવાનો.

ગ્રામસેવામાં સૌથી કઠણ કામ લવાદનું છે. લવાદ ચારિત્ર્યથી, સેવાર્થી, સર્વ માટેની અંતરની લાગણીથી 'અલ અમીન' બનેલો હોવો જોઈએ. (બધાના વિશ્વાસને પાત્ર એવા પ્રામાણિક પુરુષને અરબ્બી ભાષામાં 'અલ અમીન' કહે છે,) પૈસા સંઘરવા એ વહેવારમાં જેટલું જરૂરનું છે, તેટલું જ માણસોને સંઘરવા એ પણ જરૂરનું છે. આ વાત પક્ષાંધ બનેલા માણસને ગળે ઉતારવી એ લવાદની ફરજ છે.

અપરાધીને શિક્ષા કરવા જતાં, તેની સાથે સંબંધ ધરાવનાર કેટલાયે નિરપરાધી લોકોને સંકટમાં નાખવાનું થાય છે. એક ક્રૂરતાનો ન્યાય કરવા સારુ બીજી ક્રૂરતા કરવાથી અન્યાય ફીટતો નથી. પણ બેવડાય છે. ભવિષ્યમાં અન્યાય આગળ ચાલુ ન રહે, જૂના અન્યાયનાં દુષ્પરિણામ બને તેટલાં ઓછાં થાય અને લોકોમાં પ્રેમ, સલાહસંપ, સહકાર તથા સામાજિક વૃત્તિનો વિકાસ થાય એમ કરવું. એ લવાદનો ન્યાય છે. દુર્જન લોકોની ખોડ ભુલાવી દેવાનો હેતુ લવાદે કદી મનમાં રાખવો નહીં. પ્રત્યેક હૃદયમાં સાત્ત્વિક્તાનો ઉદય થાય, સમાજ એક વ્યાપક કુટુંબ છે એ વૃત્તિનું સંવર્ધન થાય, એવો પ્રયત્ન લવાદે કરવાનો છે. બંને પક્ષનું કલ્યાણ થાય, કોઈનો પણ સર્વસ્વઘાત ન થાય, અને તટસ્થ સમાજબુદ્ધિને સંતોષ થાય. એટલી જ મહત્ત્વાકાંક્ષા લવાદે રાખવી.

(કાલેલકર ગ્રંથાવલિઃ પુસ્તક ૫)

(- અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર)

।। વિદ્યાવૃત્ત ।।

## ગો.જો.શારદામંદિર (પ્રાથમિક વિભાગ) વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદામંદિર પ્રાથમિક વિભાગમાં તા. ૧૪-૦૯-૨૦૨૧ ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી.,મદદનીશ શિક્ષક વિરેન્દ્રસિંહ રાજના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ધો-૬ વાર્તાકથન, ધો-૭ કાવ્યગાન, ધો-૮ માતૃગીત વગેરે જુદી જુદી સ્પર્ધામાં ૧૩ વિદ્યાર્થિનીઓએ આનંદ અને ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. તેમાં ધો-૬માં પ્રિયાન્સી મહિડા, ધો-૭ ધ્રુવી ગોહેલ અને ધો-૮માં ઝીલ રાજ તેમજ દૃષ્ટિ પરમાર પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આથી દરેક ભાગ લેનાર વિદ્યાર્થિની બહેનોને મુ.શિ જિગીશાબેન શાહ તથા શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.


ISSN 0976 – 9609

।। નવાં કાવ્યો ।।

## ઈચ્છાઓ કદી મારી હતી?

**- ગૌતમ વકાણી**

સૌ આપદાઓ સાવ અણધારી હતી,
કેડી અલગ એમાંથી કંડારી હતી.

ને ભાગ્યની તો સાવ નાદારી હતી,
બસ ધૈર્યની મેં ફોજ ઉતારી, હતી.

કૂવો હતો ને વાવ વણઝારી હતી,
કોણે અભાગી પ્યાસ ગણકારી હતી?

ઘરમાં સદા કેવળ અરાજકતા હતી,
રસ્તા ઉપર એની અમલદારી હતી

બન્ને ચીજો મેં હાથમાં વાવી હતી,
પર્યાપ્તને પડકારની ક્યારી હતી.

નહિ તો કટુ સત્યો જ રુંધત શ્વાસને,
એ ઓરડામાં સ્વપ્નની બારી હતી.

ને વેદના ક્યાંથી તેને સમજાય એ,
તે દોસ્ત, ઇચ્છાઓ કદી મારી હતી?

૨૪,ક્રિષ્ના બંગ્લોઝ-૩, રાધેશ્યામ પાર્ટી પ્લોટ
પાછળ, સાંગોળપુરા રોડ, આણંદ-૩૮૮૦૦૧

## ચણોઠી

**- રામુ પટેલ 'ડરણકર'**

વાડને વેલે ઊગી, લાલ લાલ ચણોઠી !
સીમ આખીમાં પૂગી, લાલ લાલ ચણોઠી !

ડિલ એનું છે રાતું, લાલ લાલ ચણોઠી !
વાડમાં ઝોલાં ખાતું, લાલ લાલ ચણોઠી !

કાંટામાં એ તો વસે, લાલ લાલ ચણોઠી !
સૌને જોઈ હસે, લાલ લાલ ચણોઠી !

સ્વભાવે સ્હેજ કૂડી, લાલ લાલ ચણોઠી !
રંગે રૂપે રૂડી, લાલ લાલ ચણોઠી !

ગર્વ કીધો રૂપનો, લાલ લાલ ચણોઠી !
ટકે ના ગર્વ ભૂપનો, લાલ લાલ ચણોઠી...!

પ્રભુએ દીધો ઠપકો, લાલ લાલ ચણોઠી...!
મોઢે કાળો કીધો ટપકો, લાલ લાલ ચણોઠી...!

બી/૪ મનોરથ, સોલારોડ, અમદાવાદ-૬૧
મો. ૯૮૯૮૪૩૨૫૨૩

## ગઝલ

**- સાહિલ**

શ્વાસોની આવ-જામાં તમે હાજરાહજૂર
છો મારી આસ્થામાં તમે હાજરાહજૂર

હું એ ખતાને કોઈ ખતા માનતો નથી
હો જ્યારે ખુદ સજામાં તમે હાજરાહજૂર

દરિયાના હાથ હેઠા પડ્યાં છે ડૂબાડવાં
જોયા છો તણખલાંમાં તમે હાજરાહજૂર

મારગ ભૂલી જવાનો નથી કોઈ ડર હવે
હું જાઉં એ દિશામાં તમે હાજરાહજૂર

હું કેમ માનું તમને પછી મારાથી જુદા,
છો મારી હર ક્રિયામાં તમે હાજરાહજૂર

પ્રત્યેક બિંબ ટોળાનું કહેતું રહ્યું મને
છો છિન્ન આયનામાં તમે હાજરાહજૂર

'સાહિલ' કોઈને રૂબરૂ ક્યારેય ક્યાં મળ્યાં
ને આમ છો બધાંમાં તમે હાજરાહજૂર

નીસા-૩/૧૫, દયાનંદનગર, રાજકોટ-૩૬૦૦૦૨
મો. ૯૪૨૮૭૯૦૦૬૯

## નાનકડી પેન્સિલ (બાળગીત)

**- કિરીટ ગોસ્વામી**

નાનકડી પેન્સિલ...
મારી નાનકડી પેન્સિલ...!
આંગળીઓની વચ્ચે રમતી,
હસતી ખિલ ખિલ ખિલ...!
મારી નાનકડી પેન્સિલ...!

પેન્સિલથી હું ચાંદો દોરી, કરું મસ્તી ને જ મોજ!
ટમ ટમ થાતા તારલિયાની દોરું આખી ફોજ!
ફટાક દઈને કહું તે દોરે; કરે આળસ, ઢીલ...!
મારી નાનકડી પેન્સિલ...!

ગણું દાખલા, લખું કવિતા...હરખે-હરખે રોજ!
મળે ક્લાસમાં પેન્સિલબાઈનો સથવારો દરરોજ!
કેવું નમણું; ચટ્ટા-પટ્ટાવાળું એનું ડીલ...!
મારી નાનકડી પેન્સિલ...!

એફ-૨૦/૬૬૬, પહેલા માળે, રણજિત નગર,
જામનગર -૩૬૧૦૦૫
મો.૯૮૭૯૪૦૧૮૫૨

## ''તારી પડખે''

– ગિરા પિનાકીન ભટ્ટ

'મમ્મી...એ મમ્મી, અત્યારે કંઈક જૂદું જ લાગે છે... ઊઠ અલી.' વહેલી સવારે સાચી બોલી ઊઠી.

'મમ્મી...સાંભળે છે? ઉં...ય...મા...મરી ગઇ.' એકાએક ઊપડેલી પીડાના કારણે સાચી એમ જ પડી રહી. કંઈ જ સમજાતું ન હતું, પરંતુ દુઃખાવો અસહ્ય હતો. પ્રસૂતિની પીડાએ સાચીને હલાવી નાખી જ નહીં, હલબલાવી નાખી.

સૂર્યનારાયણ પણ કદાચ ન્હાયા-ધોયા નહીં હોય. પંખીડાં આંખો ચોળતાં, બચ્ચાંને વ્હાલ કરતાં, માળામાં જ કાશી અને મથુરા કરતાં બેઠાં હતાં. પાંખોમાં પ્હોર ફૂટવાને કોણ જાણે કેટલી વાર હશે?

'ઓય મમ્મી...કેમ સાંભળતી નથી? અલી ઊઠ ને હવે...ઓ બાપા રે...મરી ગઇ. નહીં જીવાય મારી મા.' આટ-આટલી બૂમાબૂમ છતાંય લતાબેન કોણ જાણે કુંભકર્ણની નિદ્રામાં સરી ગયેલાં લાગ્યાં. પલંગનો ટેકો લઈ સાચી ઊભી થઈ, પરંતુ તરત જ પાછી બેસી પડી. એના પગ જાણે એના રહ્યા નહોતા. એના શરીરનું જોમ જાણે ઓસરી ગયેલું લાગ્યું. મમ્મીને ઉઠાડવા છતાંય એ કેમ ઊઠતી નથી? શું કરું? ક્યાં જાઉં? કોને કહું? મનના વિચારોને મોલ શું કે મેળો શું? ગમે તે હોય પણ સાચીનું મન મેળામાં ફરતી ચકરડી અને ચગડોળની પેઠે ફરી વળ્યું.

આટલા મોટા બંગલાને કરવાનું શું? આસપાસ પણ કોઈ ફરકે નહીં. બૂમ પાડું તો પણ કોને? વળી અહીં સાંભળે પણ કોણ? સાચીએ હતું એટલું જોર કરીને બૂમ પાડી, 'મમ્મા...ઊઠી જા...નથી રહેવાતું હવે.' છતાં પ્રત્યુત્તરના નામે પાવાગઢના પથરા!

સાચી છુટ્ટા મોંએ રોઈ પડી. પુનઃ પોતાની જાતને સમજાવી જોઇ. કંઈ જ નહીં થાય, ચાલ...હિંમત રાખ, ને બેઠી થઈ જા. મમ્મા થાકી હશે... કદાચ ગાઢ નિંદરમાં સરી ગઇ હશે. નહીંતર પ્રત્યુત્તર ન દે એવું બને જ નહીં. સાચી હળવેથી કરવટ બદલીને બેઠી થઇ ગઇ. એકાદ પગ જ્યાં જમીન ઉપર માંડ્યો ત્યાં તો આસમાન ચીરાઈ જાય તેવી રાડ નીકળી ગઇ. ગામ હોત ને તો આખુંય ભેગું થઇ જાત, ને શહેર હોય તો સોસાયટી. નગર હોત તો શેરીઓ ને કોલોની હોત તો સજીવ ભેળા નિર્જીવ પણ દોડી આવત! પરંતુ શહેરથી છેટા બંગલાઓના બિહામણા નૃત્યની ખબર તો આજે જ પડી. સાચીના પિતાને અભરખો હતો કે સરસ મજાના મોટા બંગલામાં રહેવું છે. જીવનભર તનતોડ મહેનતના અંતે બંગલો બાંધ્યો, એમાં એ ઝાઝું રહી શક્યા જ નહીં. બંગલામાં રહેવા આવ્યે દોઢે'ક વરસ માંડ વિત્યું ત્યાં તો યમરાજાએ એ જીવ ઉપર માલિકી હક્કનો દાવો માંડી દીધો. સઘળા પ્રયત્નો નિષ્ફળ... ને એમના પસંદગીના કે વિધાતાના હૂકમના પાત્રને છેવટે ઉઠાવીને ચાલી નીકળ્યા.

સંતાનમાં હતી એક માત્ર સાચી. લતાબેને વૈધવ્યનો વિલાપ વાદળોને કહ્યો. એ યાદ કરીને વાદળો રડે હર ચોમાસામાં! આમ તો સઘળાં વાદળો રડે, પણ વાત જાણી મેઘાલયનાં વાદળો રડે બારેમાસ. કુદરતની કરામતને કોણ સમજી શક્યું છે? સાચી પણ રડી રહી સાંબેલાધાર!

સમય સમયની સભ્યતા, સમજૂતી, સુખ-દુઃખ એ બધાંયની બદલાતી ઋતુઓ પેઠે કરવટ બદલીને મા-દીકરીના દિવસો વિતતા રહ્યા. સાચી ઉંમરલાયક થતાં એને લાયક પાત્ર શોધીને પરણાવી. જમાઈરાજનો, એમના પિતાજીનો સ્વભાવ લાખ રૂપિયાનો, પરંતુ સાચીને સાસુ ન હતા. તે કારણે... તો વળી દીકરીની પ્રથમ સુવાવડતો પિયરમાં જ. એ નાતે સાચી માતૃગૃહે આવી હતી. આધુનિક સમયમાં સગવડોનો ક્યાં છે અભાવ? એક ફોન માત્રથી દુનિયા ડહોળીને, સમુદ્રમંથન કરીને સઘળું હાથવગું કરાય છે. એવા મક્કમ નિર્ધાર સાથે મા-દીકરી રહેતાં, તો વળી એમાં ખોટું પણ શું હતું?

'અલી મમ્મી... તું સાંભળે છે કે, સાવ બહેરી?' ન બોલવાના શબ્દો આજે સાચીએ બોલી નાખ્યા બેધડક. ઊઠવું ના હોય તો કંઇ નહીં પણ કહે તો ખરી કે કાલે મારો મોબાઇલ ક્યાં મૂક્યો હતો? છેલ્લે છેલ્લે તેં ફોન પર વાત કરી હતી.'

મમ્મી કોણ જાણે મોબાઈલ ક્યાં નો ક્યાં મૂકી દેતી. સાચીની નારાજગી એ બાબતે અપાર હતી, પણ લતાબેનને એ બાબતે જાગૃતિ આવતી જ ન્હોતી. સાચીની પીડા અસહ્ય

 ISSN 0976 – 9609

વધતી ચાલી. મારી મમ્મીને કંઈક થયું હશે? ચક્કર આવ્યા હશે? અરેરે... બિચારી આમ કદી પડી રહે નહીં હોં. કલાકે-કલાકે હુંકારા ભણે. વળી મારા માટે તો એ મારી મમ્મી જ નહીં, પપ્પા પણ એ બની રહી છે. મને યાદ છે બાળપણમાં મારા નાના-મોટા ભાઈ-બહેન પણ એ જ બની રહેતી. આજે મારે એના માટે પણ બેઠું થવું જોઈએ. પ્રસૂતિની પીડાએ માઝા વટાવી હતી. સંતાન અવતરણના આનંદ સાથે પીડાને કેટલીક વેઠવી પડે છે, એ સાચીને સમજાયું. પુખ્ત શરીરનાં બસો છ હાડકાં જો છૂટાં - છવાયાં થઈ ગયાં હોય તો એને એકઠાં કરીને, જોડીને, આ શરીરને બેઠું કરી શકાય. અરે! ચાલી શકાય... પરંતુ પ્રસૂતિની વેદના સમયે એક ડગલું જાણે સહસ્ત્ર શૂળો ભોંકાય તેના કરતાં પણ અધિક ભયંકર! સાચી સ્વયં માટે નહીં, આવનાર બાળક માટે નહીં, પણ મા માટે ઊઠી. એક એક ડગ ભરતાં જાણે કંઈક ભવ ગયા હોય એવું લાગ્યું. લતાબેનનો બેડ માંડ સાતે'ક ડગલાં દૂર હશે. મમ્મીના બેડ ઉપર એ જાણે ઢગલો થઈને પડી. પણ... આ શું? સાચીનું સિત્તેરેક કિલો વજન લતાબેનની ઉપર પડ્યું છતાં લતાબેન તસુભાર પણ ના હલ્યાં. પડખે પડેલી સાચીએ મમ્મીનો હાથ પકડ્યો, ભાર જણાયો. કોણ જાણે... શું વરતારો વરતાયો, પણ હાથ છૂટી ગયો અને લતાબેનના હાથે સાચીના સાથને સદાયને તિલાંજલિ અર્પી દીધી. સાચી રડી રહી ચોંધાર!

દુ:ખના ડુંગર તો હતા જ, છતાં એમાં મોર બોલાવી મા-દીકરી જીવી જાણતાં. વિચારોને વંટોળે ચડવાને અહીં અવકાશ જ ન હતો. આ પીડા નથી વેઠાતી, આના કરતાં તો જીવ જતો રહે તો સારું. 'એ કાના... મારી મમ્મી સાથે મને પણ ઉપાડી લે ને.' એં... એં... એં... કરતી સાચી મોટે સાદે રડી પડી. બેડરૂમ પણ સાંત્વના દેવાના બદલે સાથે જ રડવા લાગ્યો નિર્લજપણે!

મોબાઇલ ક્યાં હશે? આખા બંગલામાં ક્યાં ગોતું? કોને બોલાવું? બારણું ખોલે એવું પણ કોણ? આ હાલતમાં બે રૂમ વટાવી મુખ્ય પ્રવેશદ્વાર સુધી પહોંચવું એટલે લોઢાના ચણા ચાવવા બરાબર! ઘણું જ અઘરું હોમવર્ક આજે પરમેશ્વરે આપ્યું હતું. આવી અઘરી કસોટી આગળ સીતાજીની અગ્નિપરીક્ષા પાણી ભરે! સાચીની વેદના જાણી ખુદ વિધાતાએ માંડ્યો હશે વલોપાત! અરે... રે... હું કેવી કમભાગી! સાચીના લેખ લખતાં મારા હાથ કેમ લકવાગ્રસ્ત ન થયા? આટલી અસહ્ય પીડા એકલપંડે આવી નાજુક દીકરીને!

ને પંપાળતી, પેટને પટાવતી, દુ:ખને દબાવતી, મનને મક્કમપણે મનાવતી, શરીરને સમજાવતી સાચી ચાલી રહી. ત્યાં જ શરીરમાંથી જાણે જળની ધારા વછૂટી. એ નાનકડા ધોધની ધારાએ ચીકાશની ચાડી ખાધી ત્યાં ડોરબેલ રણક્યો. અંધારાએ હવે આભલાની સજાવટ સમાવી લીધી હતી. સઘળી પીડાઓને પરાણે સમાવી સાચીએ બારણાં ભણી કદમ ઉપાડ્યાં. પરંતુ પેલી ચીકાશની ચૌદશમાં સાચી લપસી જ પડી. 'ઓય... મા... રે...મરી ગઈ. આ શું થઈ ગયું?' કળ એમ કાંઈ વળે? વાસ્તવમાં સાચી રડવાનુંય ભૂલી ગઇ. પુનઃ હિંમત એકઠી કરી ને બેઠી થવા ગઇ, પરંતુ કમનસીબે કમરે જરાય સાથ ન આપ્યો. 'ઓ... મા, કમરે પણ સાથ છોડી દીધો કે શું? આખું શરીર કપડાં સાથે ખરડાયું. પાણી પડવાનું કેમેય બંધ થતું ન હતું. છતાં... કોણ જાણે, કઈ શક્તિ મદદ કરતી હશે? શિવ ને શક્તિ તે આનું જ નામ હશે? ક્યાંકથી પ્રકાશપુંજ પધારે જ છે. ઈશ્વર નામે કોઈ તત્ત્વ નક્કી કાર્ય કરી રહ્યું છે તેવું પ્રતિપાદિત થયા વિના રહે ખરું?વાચન અને વિચારોના તાલ-મેલ અટાણે અટપટા લાગ્યા કે શું?

ભાંગી ગયેલી કમરના તેત્રીસ મણકાઓને ત્વરાથી ગોઠવ્યા જ નહીં, પરંતુ એક બાળકને કાકલૂદી કરી પટાવતી હોય તેમ પટાવ્યા. ચરણને આગળ ધપાવવાને કાજે કુદરતને વિનવવા લાગી. ઊભા થવાના તો હોંશ હતા જ ક્યાં? હાથવગું હથિયાર તે ચીકાશ. પૂર્ણ ભીનાશને સહારે, હાથના હડસેલા સાથે એ ઢસડાતી રહી.ડોરબેલ પુનઃ રણક્યો. હવે ઊભા થયા વિના છૂટકો ન હતો. બેશુમાર પીડા પળવારમાં ફગાવી સાચી ઊભી થઈ ગઈ, હા... સાચ્ચે જ. ને બળહીણ બાળકની પેઠે માંડ માંડ બારણું ખોલ્યું. માનવામાં ન આવ્યું, પણ આંખ સામે કામ કરવા માટે આવતાં સવિતાબા ઊભાં હતાં. સાચીને જોતાં વેંત એ અનુભવી આંખો પરિસ્થિતિ પામી ગઈ. સાચી સમતુલા ગુમાવે તે પહેલાં તો તેમણે બાથમાં ઝાલી લીધી.

ને લઇ જવા માટે વાહન બોલાવું કે... રોડ ઉપર જઈ કો'કને બોલાવી લાવું? લતાબેન ક્યાં? બાજુના બંગલામાં જાણ કરું? વોચમેન પણ ક્યાંય દેખાતો નથી. બેભાન સાચી નજર સામે હતી. ઘડીકમાં એ ચતુર નજર ડ્રોઈંગરૂમમાં ફરી વળી, પરંતુ સાચીને છોડીને જવાનો સમય જ હતો ક્યાં? એક જોરદાર ચીસ સાથે સાચીની હિંમત કામ કરી ગઇ. સૂકાભઠ્ઠ વેરાન રણમાં એક વીરડી ફૂટી, ને એં... એં... એં... કરતું રૂદન જાણે કે હિંમત દેતાં બોલી ઊઠ્યું, 'મમ્મી... હવે હિંમત રાખ, જો... હું આવી ગઇ છું હોં તારી પડખે.'

૪૫ /ઊર્જાનગર. વિભાગ ૧
સિટીપલ્સ થિયેટરના ખાંચામાં., ગાંધીનગર પીન કોડ - ૩૮૨ ૪૨૬
મો.૯૯૦૯૬ ૪૧૨૬૨

॥ વિદ્યાવૃત્ત ॥

## એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણી

તારીખ ૨૯/૦૮ ૨૦૨૧ રવિવારના રોજ સી. વી. એમ. યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશન દ્વારા શાસ્ત્રી મેદાનમાં મેજર ધ્યાનચંદની યાદમાં નેશનલ સ્પોર્ટ્સડે ની ઉજવણી કરવામાં આવી હતી,જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના જોઈન્ટ સેક્રેટરી ( સી. વી. એમ. યુનિવર્સિટી) શ્રી મેહુલભાઈ પટેલ સાહેબ તથા અતિથિ વિશેષ તરીકે ચારુસેટ યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી દેવાંગભાઈ જોષી તેમજ ફૂટબોલ એકેડેમીના ડાયરેક્ટરશ્રી ગોપાલ કાગ સાહેબ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોલેજના પ્રિન્સિપાલ ડો નાગર સાહેબે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો તેમજ કોલેજના જનરલ સેક્રેટરી પટેલ દીપ તથા વિરલ દેસાઈ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું અભિવાદન કન્વિનર ડો રજની પટેલ તથા પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્રી જીતેન્દ્ર ડાંગી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી મેહુલભાઈ પટેલ સાહેબે આ કાર્યક્રમને અનુરૂપ પ્રવચન આપી કોલેજના તાલીમાર્થીઓને ભવિષ્યમાં સારા ખેલાડીઓ તૈયાર કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તથા શ્રી દેવાંગભાઈ જોશી સાહેબે હોકીની રમત તેમજ ધ્યાનચંદના જીવનનો પરિચય કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં બહોળા પ્રમાણમાં તાલીમાર્થીઓએ હાજરી આપીને વિવિધ રમત સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડો. બી.એલ. નાગર સાહેબની દેખરેખ હેઠળ યોજવામાં આવ્યો હતો.

અંતમાં આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવનાર મહાનુભાવો, તાલીમાર્થીઓ તેમજ નામી -અનામી તમામનો શ્રી જીતેન્દ્ર ડાંગી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

॥ વિદ્યાવૃત્ત ॥

## એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં સ્વચ્છતા પખવાડિયા અંતરગત કાર્યક્રમ યોજાયો.

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરની એરિબાસ બાયોટેકનોલોજી કોલેજની રાષ્ટ્રીય સેવા યોજના અને માય કેમ્પસ ક્લીન કેમ્પસ દ્વારા સંસ્થાના કેમ્પસમાં સ્વસ્છતા પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આનો મુખ્ય આશય એ હતો કે વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગેની જાગૃતતા કેળવાય અને પોતે જ્યાં રહેતા હોય તેની આસપાસ પણ તે અંગેની તકેદારી રાખે. એરિબાસ કોલેજ અને કેમ્પસમાં વિદ્યાર્થીઓ દ્વારા સાફ-સફાઈ કરવામાં આવી હતી, ત્યારબાદ સ્વચ્છતા ભારત મિશન અન્વયે ઓનલાઇન ક્વિઝ લેવામાં આવી હતી, જેમાં વિવિધ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૫૦ % માર્કસ મેળવેલ વિદ્યાર્થીઓને ઇ-સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં. સંસ્થાના ઇન્ચાર્જ હેડ ડો.ભક્તિ બાજપાઈના માર્ગદર્શન મુજબ એન.એસ.એસ કન્વિનર ડો. કલ્પેશ ઈષણાવા અને ડો. સંદીપ ચોવટિયા (કન્વિનર, માય કેમ્પસ ક્લીન કેમ્પસ) દ્વારા આયોજન કર્યું હતું.


ISSN 0976 – 9609

# મૃત્યુ સાથે મૈત્રી

– રણછોડ શાહ

આ પૃથ્વી ઉપર અવતરતા પ્રત્યેક મનુષ્યના જન્મ-તારીખની સાથે જ તેની અવસાનની તારીખ પણ લખાયેલી જ હોય છે. જન્મ અને મૃત્યુ એક સિક્કાની બે બાજુ છે. રજનીશજીએ મૃત્યુને પણ ઉત્સવ ગણાવ્યો છે. જન્મનો આનંદ હોય તો પછી મૃત્યનો શોક શા માટે? જો અવસાન અકળ છે તો જન્મની પણ કયાં અગાઉથી ખબર હોય છે? જન્મ અને મૃત્યુ આકસ્મિક ઘટનાઓ છે. કોરોનાકાળમાં તો મૃત્યુ વિશે વિશેષ મનન-ચિંતન થાય તે આવશ્યક છે. આ વૈશ્વિક બીમારીએ તો કદાચ મૃત્યુને મિત્ર - સખા તરીકે સ્વીકારવું પડે તેવી પરિસ્થિતિમાં મુકી દીધા. જન્મ લેનારને કયાં જન્મ લેવો તે બાબતે પસંદગીનો અવકાશ નથી હોતો તેમ જ મૃત્યુ કયાં, કયારે અને કેવી રીતે થશે તે બાબતે પણ નક્કી કહી કે કરી શકાતું નથી. માટે તો કવિ હરીન્દ્ર દવે કહે છેઃ

> શબ્દ ક્યાં પહોંચે છે તે જાતે નિરખવા માટે,
> ભાનની સૃષ્ટિની સીમાને પરખવા માટે,
> દિલના વિસ્તારની દુનિયાઓમાં વસવા માટે,
> કોઈ મહેફિલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો.

જીવનની એક વાસ્તવિકતા એટલે મૃત્યુ. મૃત્ય વિશે ઘણું લખાયું છે પરંતુ પ્રસ્તુત લેખ સવાયા ગુજરાતી કાકા સાહેબ કાલેલકરની ૪૧મી પુણ્યતિથિ (તા.૨૧/૦૮/૨૦૨૧)ને કેન્દ્રમાં રાખી લખાયો હોવાથી તેમના જ એક ઉત્તમ પુસ્તક ‘પરમ સખા મૃત્યુ’ આધારિત છે. મહારાષ્ટ્રના સતારા જિલ્લામાં જન્મેલ કાકા સાહેબનું મરાઠી ઉપર જેટલું પ્રભુત્વ હતું એટલું જ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ઉપર પણ હતું. તેઓ સમગ્ર ભારતમાં કાર્યરત રહ્યા છે. ગુરુદેવ ટાગોરના શાંતિનિકેતનમાં અધ્યાપક હતા, ગાંધી બાપુ સ્થાપિત સાબરમતી આશ્રમમાં પ્રધાનાધ્યાપક અને વડોદરાની રાષ્ટ્રીય શાળામાં આચાર્યની જવાબદારી પણ નિભાવી ચૂકયા છે. મહાત્મા ગાંધીના અવસાન બાદ ‘ગાંધી સંગ્રહાલય’ના પ્રથમ સંચાલકની કામગીરી પ્રેમપૂર્ણ રીતે કરી ચૂકયા છે. ભારત સરકારે પદ્મભૂષણથી નવાજ્યા છે. રાષ્ટ્રભાષાના પ્રચાર અને પ્રસાર માટે તેઓશ્રીએ અનહદ કાર્ય કર્યું છે. તેથી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ માનપૂર્વક ‘ગાંધી પુરસ્કાર’થી તેમને સન્માનિત કર્યા હતા. તેઓશ્રી ઉચ્ચકોટીના વિચારક અને વિદ્વાન હતા. તેઓની હિન્દી જીવંત અને પ્રભાવશાળી હતી. તેઓનું ગદ્ય પદ્ય જેવું હતું. તેમના લખાણમાં વિદ્વત્તા, વ્યંગ, હાસ્ય અને મૂલ્યો સતત ઉજાગર થતા નજરે પડે છે. ૧૯૧૫ની સાલમાં તેઓ ગાંધીજીને શાંતિનિકેતનમાં મળ્યા અને સમગ્ર જીવન ગાંધી અને રાષ્ટ્રને ચરણે ધરી દીધું. તેઓશ્રી ૧૯૨૮ થી ૧૯૩૫ સુધી ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલનાયક પદે આરુઢ હતા. તેઓએ રવિન્દ્રનાથના બંગાળી સાહિત્યનો ગુજરાતી અને મરાઠીમાં અનુવાદ કર્યો છે. ત્રીસ કરતાં વધુ પુસ્તકો ગુજરાતી, મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં લખ્યા છે.

‘પરમ સખા મૃત્યુ’ની પ્રસ્તાવનામાં કાલેલકરજી લખે છેઃ “એ સજ્જનનાં હવે દર્શન થવાનાં નથી, એનો સહવાસ નહીં મળે, એની કીંમતી સેવા કાયમને માટે આપણે ખોઈ બેઠાં - એ જાતનું દુઃખ જરૂર થવાનું. એવું દુઃખ થાય એ સ્વાભાવિક છે. તેનો શોક ક્યાં સુધી કરીશું? શોક સ્વાભાવિક હોય તો એ ઓસરી જવો જોઈએ, કેમ કે શોક ચાલુ રાખવાથી કોઈની ઉન્નતિ નથી.’’ સ્વજનના અવસાનથી અકલ્પનીય આંચકો જરૂર અનુભવાય, તૂટી પડાય. પરંતુ પડયા પછી ઊભા તો થવું પડશેને? વિદાય થનારની સાથે સ્વજનો અને મિત્રોના અનેક સ્મરણો હોય તે સ્વાભાવિક છે. તો જીવન વ્યવહાર પણ ચલાવવો આવશ્યક હોવાથી અમુક મર્યાદાથી વિશેષ શોક કરતાં માણસ પોતાની જવાબદારીઓમાંથી દૂર થઈ જાય. તે પણ કેટલું યોગ્ય ગણી શકાય? વિદાય હંમેશ વસમી હોય છે પરંતુ તેમાંથી ફરીથી બેઠા તો થવું જ પડે.

> મોત કેરા નામથી ગભરાઉં એવો હું નથી,
> બીકથી વહેવાર ચૂકી જાઉં એવો હું નથી;
> જાન દીધો છે ખુદાએ ચાર દિ’ માટે ઉધાર,
> એને પાછો સોંપતાં અચકાઉં એવો હું નથી.

*– ઉમર ખય્યામ (અનુવાદ : શૂન્ય પાલનપુરી)*

પ્રસ્તુત પુસ્તકમાં આડત્રીસ પ્રકરણોમાં મૃત્યુને સંલગ્ન વિવિધ બાબતોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જીવન સાધનપૂર્તિ, મૃત્યુ તર્પણ, મરણદાન, મૃત્યુની તૈયારી અને તેનું રહસ્ય, મરણનું સહચર્ય, મૃત્યુની કલ્યાણકારિતા, વસિયતનામું, શ્રાદ્ધ,સ્મશાન, મોક્ષ, પુનર્જન્મ, સ્વર્ગ વગેરે જેવા મૃત્યને સંલગ્ન જ વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખી તલસ્પર્શી ચર્ચા અત્યંત સરળ અને રસાળ ભાષામાં કરી

છે. વર્તમાન સમયની અત્યંત કટોકટીભરી સમસ્યા 'ઇચ્છા મૃત્યુ'ની વિષદ છણાવટ લેખકે લગભગ પચાસ વર્ષ પહેલાં કરી છે જે તેમની દૂરંદેશિતાનો જીવતો -જાગતો પુરાવો છે. આજે સૌ અંગદાનની વાત કરે છે ત્યારે તેઓએ તો તે સમય મરણદાનની સમજણ આપી હતી. વર્તમાન સમયની વૈશ્વિક બીમારીએ કોરોનાકાળમાં અચાનક અને બિહામણા મૃત્યુનો સૌને પરિચય કરાવી દીધો. લગભગ તમામના જીવનમાં દૈનિક ધોરણે સવાર પડતી અને સ્વજનની વિદાયનો અચાનક આંચકો અનુભવવો પડતો. પ્રસ્તુત પુસ્તકમાં મૃત્યુની તૈયારી અને તેના રહસ્યની વાત વિગતે સમજાવી છે. કોરોનાના સમયમાં આપણે અનેકના આકસ્મિક મૃત્યુ થયાનું અનુભવ્યું. લેખક જણાવે છે : શ્રદ્ધા કહે છે કે જે પ્રમાણે દરેક કાર્યનું કે ઘટનાનું કારણ હોવું જ જોઈએ, તે જ પ્રમાણે જગતમાં પ્રત્યેક ઘટનાની પાછળ ઈશ્વરનો એટલે કે નિસર્ગ-સ્વામીનો કોઈ હેતુ હોવો જ જોઈએ. કશુંક સિદ્ધ કરવાની તેની ઇચ્છા હશે એથી તેણે અમુક ઘટના ઘડી એમ કહેવું જોઈએ.

લેખક દીર્ઘદ્રષ્ટા છે જે તેમના બે પ્રકરણોમાંથી વિશેષ સ્પષ્ટ થાય છે. એક પ્રકરણ છે - વસિયતનામું. હાલના સંજોગોમાં સૌને વસિયતનામું અનિવાર્ય હોવાનું સમજાઈ ગયું છે. અચાનક અવસાન અનેક સમસ્યાઓની જનની બને છે. એમ કહેવાય છે કે કોઈ રોમન વસિયતનામું કર્યા વિના મૃત્યુ પામે તો રોમન સમાજમાં તેની આબરૂ રહેતી નથી. જો કે ભારતમાં વસિયતનામું એટલું પ્રચલિત બન્યું નથી.

સામાન્ય રીતે મોટાભાગના લોકો પોતાની સંપત્તિ સંતાનોને આપે છે. ત્યારે લેખક જણાવે છે : પુત્ર, શિષ્ય, સગાંસંબંધી વગેરે માટે આવશ્યકતા કરતાં વધારે મૂકી જવું એ તેમનું અપમાન કરવા બરાબર છે. તેમનાં પુરુષાર્થ અને પરાક્રમ બાબતમાં સંદેહ હોય ત્યારે તો તેમની ઉપર અનહદ મિલકત લાદવામાં આવી છે. કેટલું ઉત્તમ અને સચોટ નિરીક્ષણ છે. આજે તો સંતાનો અને તેના સંતાનોને અઢળક સંપત્તિ આપી જવાની સ્પર્ધા થઈ રહી છે. સૌ ત્રણ-ચાર પેઢી માટેનું ભેગું કરી લેવાના લોભમાં રચ્યા-પચ્યા બની ગયા છે.

તેઓએ આના કરતાં પણ વિશેષ ઉમદા વાત તો એ કહી છે : સમાજના જે વિભાગની કે વર્ગની ઉપેક્ષા થઈ રહી છે તેને જ આપણી વધારેમાં વધારે મદદ પહોંચવી જોઈએ. ઇચ્છાપત્ર બનાવતી વખતે આ દષ્ટિને પ્રાધાન્ય મળવું જોઈએ.' કેવો ઉમદા વિચાર ! મૃત્યુ સમયે તો જરૂરિયાતમંદોને યાદ કરી મદદ કરવી જોઈએ તેમ તેઓ સમજાવે છે. આપણે સમગ્ર જીવન આપણા અને આપણાં સગાંઓ માટે ગાળ્યું હોય તો પણ જીવનના અંતે તો 'વંચિતો' અને 'ઉપેક્ષિતો' તરફ કંઈક કરી છૂટવું જ જોઈએ તેવી ઉત્તમ શીખ આપી છે.

શું કુબેરો?શું સિકંદર? ગર્વ સૌનો તૂટશે,
હો ગમે તેવો ખજાનો બે જ દિનમાં ખૂટશે;
કાળની કરડી નજરથી કોઈ બચવાનું નથી,
આજ તો ફૂટી છે પ્યાલી, કાજ કૂંજો ફૂટશે.

- ઉમર ખય્યામ (અનુવાદઃ શૂન્ય પાલનપૂરી)

વર્તમાન સમયની બીજી અત્યંત ગંભીર સમસ્યા છે : લાંબુ આયુષ્ય. આઝાદી સમયે સરેરાશ ભારતીય આયુષ્ય લગભગ પાંત્રીસની આજુબાજુ હતું જે આજે વધીને લગભગ સિત્તેરની આસપાસ પહોંચ્યું છે. સંયુકત કુટુંબો વિલય પામી ચૂકયા છે અને તેથી વૃદ્ધોની વિકટ સમસ્યાઓ સર્જાઈ ચૂકી છે. વૃદ્ધાશ્રમોમાં જગ્યા નથી. લેખકે પોતાના ઉદાહરણ દ્વારા તે બાબત 'દીર્ઘાયુષ્યનું રહસ્ય' પ્રકરણમાં સમજાવવાનો પણ પ્રયત્ન કર્યા છે. સ્વાસ્થ્ય જાળવવા માટે આહાર ઉપર કાબૂ રાખવો અનિવાર્ય છે. ગમે તેટલું સ્વાદિષ્ટ ભોજન હોય તો પણ આહારના પ્રમાણ બાબતે સજાગ રહેવું જરૂરી છે. વાનગી સ્વાદિષ્ટ છે માટે હદથી વધારે ખાવા મૂંકું તો મારી જ દૃષ્ટિમાં હું મારી પ્રતિષ્ઠા ગુમાવી બેસું.' સ્વાદની સરખામણી આબરૂ સાથે કરી પોતાનું સ્વાસ્થ્ય જાળવવાની શિખામણ આડકતરી રીતે આપી દીધી છે.

તેઓ પોતાના વિચારો બાબતે ખૂબ સ્પષ્ટ છે, જે આપણને જાણવા મળે છે : હું માનું છું કે સંયમી માતાપિતા દ્વારા જેમને સશકત શરીર મળ્યું હોય તેઓ પોતે જો સંયમી રહે તો દીર્ઘાયુ થાય એ સ્વાભાવિક છે. સારું સ્વાસ્થ્ય સંયમ, મિતાહાર અને નિયમિત જીવનને કારણે જ શકય બને. આજથી લગભગ સિત્તેર વર્ષ પહેલાં વૃદ્ધાવસ્થા કેવી રીતે ગાળવી જોઈએ તેની સમજ તો કાકા સાહેબ જ આપી શકે.' પરમ સખા મૃત્યુ' પુસ્તકની સંક્ષિપ્ત આવૃત્તિનું


ISSN 0976 – 9609

સંપાદન શ્રી મહેન્દ્ર મેઘાણીએ બત્રીસ પાનની પુસ્તિકામાં કર્યું છે. જેની કુલ નવ લાખથી વધુ નકલ છપાઈ હતી.

'પરમ સખા મૃત્યુ' જીવન જીવવાની ગીતા છે તેમ કહી શકાય. મૃત્યુને કેન્દ્રમાં રાખી કાકા સાહેબે સૌને જિંદગીમાં કઈ કઈ બાબતો પરત્વે સજાગ રહેવાનું છે, ધ્યાન રાખવાનું છે અને તે રીતે જીવનના વર્તનમાં પરિવર્તન લાવવાનું છે તેની વિશદ સમજ આપી છે. મૃત્યુનો ડર રાખવાને બદલે તેની સાથે મૈત્રી કેળવી અને મરણને સારી રીતે સમજી શકાય તેની અત્યંત સરળ-સહજ ભાષામાં સમજણ આપી છે.

**આચમનઃ**

આપણા ખભા પરથી શ્વાસોનો બોજ કોઈ લઈ લેશે એ પોતાની કાંધે
એ જ ક્ષણે કોઈ ચીજ, કોઈ વાત, કોઈનો સંબંધ નહીં આપણને બાંધે
જેટલું હયાતી વિશે સાચવશોને તમે, મોત જેટલું જ તમને સમજાશે.

– રમેશ પારેખ

નોંધઃ વિશ્વ સમન્વય સંઘ, ન્યુ દિલ્હી આયોજિત આચાર્ય કાકા સાહેબ કાલેલકરની ૪૧ મી પુણ્યતિથિ તા. ૨૧/૦૮/૨૦૨૦ ના રોજ આપેલ પ્રવચન આધારિત લેખ છે.

સંપર્ક સૂત્રઃ
એમિટી સ્કૂલ, ભરૂચ.૯૯૭૯૮૬૧૬૩૧
shah-ranchhod@yahoo.com

॥ વિદ્યાવૃત્ત ॥

## નલિની આર્ટ્સ કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી પ્રિ. રમેશભાઇ તલાટી, કોલેજના આચાર્ય ડો. એમ.જી.મન્સુરી, કોલેજ :મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. મીનેશભાઇ પટેલ, સાંસ્કૃતિક વિભાગના કન્વિનર ડો. કલ્પનાબેન માલવત, તથા ડો. બી. એમ. ગજેરા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ડો. મન્સુરીએ મહેમાનોનું સ્વાગત અને પરિચય આપ્યો હતો. પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં તેઓએ ડો. રાધાકૃષ્ણનના જીવન અને કાર્યને યાદ કર્યા હતા. શિક્ષક દિનની ઉજવણીના આ પ્રસંગે પ્રિ. રમેશભાઇ તલાટીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આજે શિક્ષક બનેલા આપ સૌ વિદ્યાર્થીઓએ બ્રાહ્મણ કાર્ય કર્યું છે. તેઓને બિરદાવતા આ સંદર્ભમાં તેઓએ પોતાનું મૌલિક અર્થઘટન રજૂ કરતા કહ્યું હતું કે બ્રાહ્મણ એ છે કે જે સંઘર્ષોમાં સમન્વય સાધી શકે છે, શુદ્ર તે છે જે સંઘર્ષ સામે ઝૂકી જાય છે, વૈશ્ય તે છે જે સંઘર્ષ સાથે સમાધાન કરી લે છે અને ક્ષત્રિય તે છે જે સંઘર્ષ સામે લડે છે. તેમની ઉત્તમ વાક્‌કલા દ્વારા અનેક બોધકથાઓ અને જાતકકથાઓ દ્વારા શિક્ષકના મહત્ત્વને સમજાવ્યું હતું. એક શિક્ષકે માત્ર ૨૦ મિનિટનું વ્યાખ્યાન આપવા માટે કેટલી તૈયારી કરવી પડે છે એ બાબત પ્રત્યે વિદ્યાર્થીનું ધ્યાન દોર્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે શિક્ષક બનવા માટે પ્રામાણિકતા અને નિષ્ઠા જેવા ગુણ હોવા અનિવાર્ય છે.

શિક્ષક દિનની ઉજવણી માટે વિવિધ વિષયના જુદા જુદા વર્ગો માટે ૮૦ વિદ્યાર્થીઓએ શિક્ષક બનીને પોતાની ફરજ અદા કરી હતી. ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે દિવ્યા ઠક્કર અને રોહન ત્રિવેદીએ શિક્ષક બન્યાનો પોતાનો સ્વાનુભવ વ્યક્ત કરી પ્રતિભાવ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કન્વિનર ડો. કલ્પનાબેન માલવતે કર્યું હતું તથા આભારદર્શન કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડો. મિનેશભાઇ પટેલે કર્યું હતું. આ પ્રસંગે કોલેજપરિવારના સૌ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજેન્દ્ર શાહના કાવ્યોમાં પ્રકૃતિ નિરૂપણ

- પ્રવિણભાઇ ભીખાભાઇ વજીર

**પ્રસ્તાવના-**

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી કવિતામાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, જયંત પાઠક અને પ્રિયકાન્ત મણિયારનું સ્થાન અગત્યનું અને ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે. તેમણે ગુણવત્તા અને ઇયતાની દૃષ્ટિએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમની કવિ-પ્રતિભાનો વિશિષ્ટ ઉન્મેષ, ગીત-સોનેટમાં જોવા મળે છે. તદુપરાંત વૃક્ષ, જંગલ, નદી, પ્રકૃતિ તેમજ સવાર, બપોર અને સાંજ વિશેના પ્રકૃતિ કાવ્યોનું સર્જન પણ કવિતામાં છે અને તેમાં પણ ગુણવત્તાની દૃષ્ટિએ નવોન્મેષ અદ્વિતીય રીતે પ્રગટ થાય છે.

અનુગાંધીયુગના આપણા શ્રેષ્ઠ ઊર્મિકવિ છે રાજેન્દ્ર શાહ. કવિતામાં જે સૌંદર્યનિવેશ પ્રગટ્યાં અને તેનો સવિશેષ આવિર્ભાવ એમની કવિતામાં જોવા મળે છે. પ્રકૃતિ કાવ્યો ઘણું મહત્ત્વ ધરાવે છે. કવિએ પ્રકૃતિને મનભરીને માણી છે, તેની પ્રતીતિ એમનાં કાવ્યો દ્વારા આપણને થાય છે. એમના કાવ્યોના લય અને ભાષા સૌંદર્યએ અનુગામીઓ પર જે પ્રભાવ પડ્યો છે અને ભાવકોને ડોલાવ્યા છે, તેમાં એમની પ્રસિદ્ધિ જોવા મળે છે.

**ગુજરાતી કવિતામાં પ્રકૃતિનિરૂપણ-**

આપણા સમગ્ર સાહિત્યમાં વિવિધ ૠતુઓ, વૃક્ષો, ફૂલ, સૂર્ય, ચંદ્ર, આકાશ, ધરતી, નદી, સાગર આ બધાં એક પાત્ર તરીકે, પ્રતીક તરીકે કલાકૃતિના અંગભૂત તત્ત્વ બની સ્ફૂટ થતાં રહ્યાં છે. સૌંદર્યપ્રેમી કવિઓએ પ્રકૃતિનો બે રીતે વિનિયોગ કર્યો છે. એક તો નિસર્ગ -લીલાનું માત્ર સૌંદર્ય નિરૂપણ અને બીજું કાવ્યના ભાવને પ્રગટ કરવાની એક પ્રવૃત્તિ તરીકે પ્રકૃતિ તત્ત્વોને પ્રતીક તરીકે વ્યંજિત કરીને કવિઓએ આલેખન કર્યું છે.

સ્વાતંત્ર્યોત્તર યુગના રાજેન્દ્ર શાહની પ્રકૃતિ કવિતાના મૂલ્યાંકનમાં ગુજરાતી કવિતામાં નામાંકિત કવિઓ દ્વારા પ્રકૃતિનું હૃદયસ્પર્શી રીતે નિરૂપણ થયું છે. તેમાં સંધિકાળના, સ્વાતંત્ર્યોત્તર યુગની પ્રકૃતિ કવિતાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

હવે હું મારા આ સંશોધન લેખમાં રાજેન્દ્ર શાહની કવિતામાં પ્રકૃતિ અને પ્રણયનિરૂપણ કેવી રીતે વણાયું છે, તેના વિશે વાત કરીશ.

રાજેન્દ્ર શાહે એમની સર્જક પ્રતિભાના પરિપાકરૂપે 'ધ્વનિ', 'આંદોલન', 'શ્રુતિ', 'શાંત કોલાહલ', 'ચિત્રણા', 'ક્ષણ જે ચિરંતન', 'વિષાદને સાદ', 'મધ્યમા', 'ઉદગીતી', 'ઇક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગ સપ્તક', 'કિંજલ્કિની', 'વિભાવના', 'દ્રાસુપર્ણા', 'નિલાઞ્જના', 'આરણ્યક', 'હા...હું સાક્ષી છું' જેવાં કાવ્યસંગ્રહો આપ્યા છે. એમણે વિષયવસ્તુને સચોટ, સરળ, અસરકારક અને હૃદયસ્પર્શી રીતે અભિવ્યક્ત કરવામાં વિનિયોગ કર્યો છે.

**રાજેન્દ્ર શાહની કવિતામાં નિરૂપિત પ્રકૃતિ-**

સોનેટ સ્વરૂપની સંપત્તિમાં ઉમેરણ કરનાર મોટા ગજાના કવિ તે રાજેન્દ્ર શાહ. ચાલીસીના પ્રસિદ્ધ કવિ રાજેન્દ્ર શાહે સોથી પણ વધારે સુબદ્ધ સોનેટ આપ્યાં છે. આ કવિએ રાગિણીની સોનેટમાળા આપી. જેમાં કવિ તરીકેની સંવેદનોની સ્પર્શક્ષમતા ચોક્કસ દેખાય છે. તેમના કાવ્યોમાં પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મભાવ જેવાં વિષયો કેન્દ્રસ્થાને છે. પરંપરાનું અનુસંધાન જાળવી રાજેન્દ્ર શાહ પોતીકી ચાલે ચાલનારા 'આયુષ્યને અવશેષે' સોનેટગુચ્છ. 'યોગ હીણો વિયોગ', 'યામિનીના કિનારે,' 'પુરાતન વડને', 'સોનેટ યુગ્મ', 'પાનખરે' વગેરે તેનાં બેનમૂન સોનેટ છે.

કવિ રાજેન્દ્ર શાહની પ્રણયવિષયક રચનાઓના સંદર્ભે ડો.તરુલતા ડી. મહેતા પોતાનો વિચાર આપતાં લખે છે કે-'કવિતા પ્રણયાભિગમમાં મુગ્ધતા, વિસ્મય, જીવનવસંતને મુક્તપણે માણી લેવાની અભીપ્સા, પ્રસન્નતા અને સૌન્દર્યના ઉપભોગની સૂક્ષ્મ રસવૃત્તિ રહેલી છે. તેઓ યૌવનમત્ત વિલાસોને પ્રણયની ભૂમિકામાં સ્વીકારે છે અને કલાસંયમ જાળવી તેનું આલેખન કરે છે. તેઓ પ્રહ્લાદ પારેખની જેમ પ્રણયીઓની વિશ્રંભકથાને અતિ ગોપનીય રાખતા નથી તેમ પ્રિયકાન્ત મણિયારની જેમ પ્રણયીઓના શયનગૃહમાં ધ્રુષ્ટતાપૂર્વક પ્રવેશતા પણ નથી.તેમનું પ્રણયનિરૂપણ મૃદુ, માર્મિક, અભિજાત્યપૂર્ણ સુરેખ હોય છે-'હે પાગલ' કાવ્યમાં તેઓ કહે છે, પ્રણયની સંમોહક શક્તિ એવી તો પ્રાણવાન હોય છે કે બાહ્ય શણગારો તેમાં નિરર્થક નીવડે છે.'(૧)

 ISSN 0976 – 9609

કવિ રાજેન્દ્ર શાહના પ્રણયવિષયક કાવ્યોમાં પ્રણયની મુગ્ધતા, પ્રસન્નતા, અભીપ્સા, પ્રણયની ઝંખના, તલસાટ, જીવનવસંતને ભરપુર માણી લેવાની અદમ્ય ઇચ્છા, સૌંદર્યશીલતા, વિરહવેદના વગેરે ખૂબ જ રસાઈને-ઘૂંટાઈને અભિવ્યક્તિ પામે છે. કાવ્ય અને ભાવનું સુંદર સાયુજ્ય એમાં સધાય છે. પ્રેમમાં રહેલી ઊંડી શ્રદ્ધા તેમની પ્રણયવિષયક રચનાઓમાં દેખાય છે.

દામ્પત્યપ્રણયની ધન્યતાને પ્રગટ કરતા 'સોનેટ તવપ્રવેશે'માં પ્રિયપાત્રનાં આગમન અને મિલનથી પ્રિયતમનું જીવન ધન્ય બની જાય છે. પુનર્મિલનમાં પણ ઋતુઓ ગયા પછી પ્રણયીઓના હૈયામાં જાગેલી પ્રસન્નતા અને આદ્રતાના ભાવોનું સુંદર નિરૂપણ થયું છે. ફૂલથીય કોમળ એવી સુંદર પ્રિયતમાને હૃદયના ઊંડાણથી ચાહતો પ્રિયતમ પોતાના કઠોર સ્પર્શથી પ્રિયતમાની માફી માંગે છે જેનું નિરૂપણ 'શિરીષે ફૂલ'માં અદ્‌ભૂત કરવામાં આવ્યું છે.

દિવસ-રાત્રિના વિવિધ પ્રહારો વિશેનાં કાવ્યોમાં 'યામિનીના કિનારે', 'પાનખરની સંધ્યા', 'તમસો માં...,' હે અંધકાર', 'કને નવ શુ માહરી?' વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરિયાઈ ગીતોમાં 'ખારવાનાં ગીત', 'હે એઈષા', 'વીલનાં આવ્યાં વ્હેણ', 'પ્રતીક્ષા', 'લ્હેરખી' વગેરે કાવ્યોનો સમાવેશ થયો છે. દરિયાને કવિએ પ્રતીક તરીકે લઈને માનવીના મનની પરિસ્થિતિનું નિરૂપણ કરી વિવેચના કરી છે.

પક્ષી અને પ્રાણીનાં કાવ્યોમાં 'નાગ', 'ગરુડ', 'કાગ અને નાગ', 'ગલ વાયસ' વગેરે કાવ્યોની વિશેષતા અસરકારક છે. પ્રકૃતિના પ્રતીક દ્વારા માનવમનની ભાવનાઓનું નિરૂપણ કરી તેની આલોચના કવિએ કરી છે.

વૃક્ષ વિષયક કાવ્યોમાં 'શીમળો જોગી, કેસુડો', 'તમાલ' કાવ્ય નોંધપાત્ર છે. પ્રકૃતિને પ્રતીક તરીકેનો વિનિયોગ કરીને માનવહૃદયની લાગણીઓને તેમણે વાચા આપી છે. પ્રકૃતિ માનવીના મનની ભાવનાને નવી દિશા આપે છે એનું પણ કવિએ નિરૂપણ કર્યું છે અને પ્રકૃતિની સમીક્ષા પણ કરી છે.

સ્થળ વિશેના પ્રકૃતિ કાવ્યોમાં 'વિજન અરણ્ય', 'બીડમાં', 'વનખંડન' કાવ્યમાં પ્રકૃતિ પ્રત્યેની અનહદ લાગણી અને તેનું કલાત્મક નિરૂપણ ધ્યાન ખેંચે છે.

પ્રણયમાં પ્રકૃતિનિરૂપણના કાવ્યોમાં 'પીળી છે પાંદડી', 'ઈંધણા વીણવા ગઇતી', 'અલ્યા મેહુલા', 'ભતવારીનું ગીત', 'કેવડિયાનો કાંટો' વગેરે કાવ્યોમાં પ્રણય દ્વારા પ્રકૃતિનું નિરૂપણ છે અને પ્રણય દ્વારા માનવમનની ભાવનાનું નિરૂપણ છે.

પ્રકૃતિના અન્ય તત્ત્વોની કવિતામાં 'તને જોઈ જોઈ તોય તું અજાણી', 'શરત', 'વનવાસીનાં ગીતો', 'મહેક' કાવ્યોમાં પ્રકૃતિ નિરૂપણ, પ્રકૃતિ સૌંદર્ય અને માનવ સૌંદર્ય મનભર માણીને આનંદની અનુભૂતિ કરે છે.

હવે આપણે 'ધ્વનિ' કાવ્યસંગ્રહની કેટલીક રચનાઓ જોઈએ.

'ઈંધણા વીણવા ગૈતી' ગીતરચનામાં બપોરની વેળાએ ઈંધણા વીણવા ગયેલી નાયિકાનો ઉદ્દાત રાગાવેગ પ્રગટ થયો છે. ગામડાની અલ્લડ કન્યા પોતાના પ્રણયાનુંભવોને સહિયર પાસે વર્ણવતી જાય છે. સૂના ચૈત્રી આકાશમાં કોકિલ કંઠ સંભળાય છે. વનની નવલી કૂંપળો ભરી વનરાઈ દક્ષિણના વાયરે ડોલી ઊઠેલ નાયિકાએ ડાળ, ડાંખળી અને સૂકાં અડિયાં વીણ્યાં, લીલા પાંદડાઓમાં મહેકતાં ફૂલો અંબોડામાં ખોસ્યાં અને વાત્રકના વ્હેણમાં, નહાવાના સંદર્ભોમાં ઈરોટિક કલ્પના સમાઈ છે. પ્રિયજન સાથેના મધુર સંવનનની ક્ષણોનો એમાં સંકેત છે. વનની વનરાઈ, કોકિલ કંઠ, દક્ષિણનો પવન વગેરે તત્ત્વોએ પ્રણયોર્મિ માટે ઉદ્દીપન વિભાવો બન્યાં છે. બપ્પોરી વેળાએ નાયિકાએ અનુભવેલા પ્રણયસંવનને એની સહિયર પાસે વર્ણવતા આ ગીતમાં પ્રતીકાત્મકતા છે. રોમેન્ટિક શૈલીના ઉદ્રેકમય ઉદ્દગારોની વ્યંજના બળુકી છે.

'વાયરે ઊડી ઊડી જાય' ગીત ગ્રામીણ નાયિકાના મુગ્ધપ્રણયસંવેદનને મૂર્ત કરે છે. વાયરાથી ઊડી જતા પટોળાને કારણે નાયિકાનું ભોળું મન મૂંઝાઈ રહ્યું છે. ઘરની ગલી છોડીને કેટલી દૂર આવી ચડી છે, ને હજૂ ખેતરની આંબલી તો કેટલી દૂર છે...નાયિકા અડધે માર્ગે એકલી અજંપ બની છે. **'કોની તે સંગ ઉર ખેલું?'**હૃદય ઉઘાડવાને માટે સન્મુખ પ્રિયતમ નથી.

'છાતી ઢાંકુંને ઊડે માથાનો છેડલો,
ઢીલો તે જાય વળી છૂટી અંબોડલો,
મહુડાની ડાળીએ બેઠેલું કોઈ મને,
જોઈને રિઝાય છે હોલુ.'

('ધ્વનિ' કાવ્યસંગ્રહ)

વાયરાથી ઊડી જતા પટોળાને કારણે અંગ ઢાંકવાની મૂંઝવણે મીઠી અજંપાની દશા ખડી કરી છે. ઢીલો અંબોડલો છૂટી જાય છે અને એના અનવદ્ય સૌંદર્યને નિહાળતા મહુડાની ડાળે બેઠેલું હોલું આનંદ પામે છે. પ્રણયનો મત આવેગ અહીં ગોપવીને વ્યકત થયો છે.

'અલ્યા મેહુલા' ગીતમાં પાંદડી અને મેહુલા વચ્ચેના સંવાદ દ્વારા પ્રણયભાવનું કૌતુંકરાગી શૈલીએ નિરૂપણ થયું છે. પાંદડી મેહુલાને ફરિયાદ કરે છે.

**'મારા ખેતરની વાટમાં વગાડ નહીં પાવો,**
**તારે કોઈના કાળજાનો રાગ નહીં ગાવો.'**

('ધ્વનિ' કાવ્યસંગ્રહ)

તો વળી 'ફરી ફરી ફાગુન આયો રી'માં વસંતનો ઉદ્દીપનકારી પ્રભાવ કેવો ઝીલાયો છે તે જૂઓ.

**મંજરીની ગંધ**
**પેલા કિંશુકનો રંગ**
**કોકિલ કેરો કંઠ.**

('ધ્વનિ' કાવ્યસંગ્રહ)

આમ, રાજેન્દ્ર શાહનાં કાવ્યોમાં છંદ, અલંકાર, પ્રતીક-કલ્પનનો વિનિયોગ જોવા મળે છે. છંદના શિસ્ત અને ગીતના લયનાં લાલિત્ય બંને જોવા મળે છે. પ્રકૃતિ કાવ્યોમાં અલંકાર દ્વારા સજીવારોપણ કર્યું છે અને પ્રતીક-કલ્પન દ્વારા આંતરિક ભાવોનું નિરૂપણ જોઈ શકાય છે.

**સંદર્ભ-**


૧. અધિત-સત્તર સંપાદકો- ઉષા ઉપાધ્યાય, કૃષ્ણદેવ આર્ય, જયેશ ભોગાયતા, જયદેવ શુક્લા, ગુજરાતનો અધ્યાપક સંઘ- ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ પૃ-૯૫

૨. 'ધ્વનિ' કાવ્યસંગ્રહ- પ્રકાશન વર્ષ-૧૯૫૧



રામનગર સોસાયટી, રેફરલ હોસ્પિટલની પાછળ,
મું.પો-લાખાણી, તા-લાખાણી,
જિ.-બનાસકાંઠા, પિન-૩૮૫૫૪૧
મો-૯૪૨૭૫૧૨૧૯૧
Email-pravinajir@gmail.com


॥ વિદ્યાવૃત્ત ॥

## જી. જે. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદિક સ્ટડિઝ એન્ડ રિસર્ચ ખાતે સન્માન સમારોહનું આયોજન

સીવીએમ યુનિવર્સિટી સંલગ્ન જી. જે. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદિક સ્ટડિઝ એન્ડ રીસર્ચ તથા એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે હિમાલયા ડ્રગ કંપનીના . સહયોગથી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ તારીખ ૦૪/૦૯/૨૦૨૧ ના રોજ સીવીએમના માનદ સહમંત્રીશ્રી મેહુલભાઇ પટેલ સાહેબના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ઉપરોકત કાર્યક્રમમાં સંસ્થામાંથી અભ્યાસ પૂર્ણ કરી ચૂકેલા પ્રતિભાશાળી વિદ્યાર્થી ઓને પારિતોષિક આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં ડો.નેહા ડોલસીયા તથા ર્ડા. રુદ્ધી રાવલને 'જીવક એવોર્ડ' તથા ડો. નરેશ ચૌધરી અને ર્ડા. વાચા સુથારને 'આયુર્વિશારદ' એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. સમગ્ર કાર્યકમને સફળ બનાવવા માટે સંસ્થાના ડાયરેકટર પ્રોફેસર ર્ડા. સી.એચ. બાબરીયાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ.



ISSN 0976 – 9609

## મામેરું

**- નવીન જોશી**

તૃપ્તિબેનને હરખનો પાર નથી. દીકરી મીનાક્ષીના લગ્ન સાવ નજીક આવી ગયા. મીનાક્ષીને વહાલમાં મીનુ કહેતાં. મેરેજ હોલ બુક થઈ ગયો.

ઘરેણાં માટે એકવાર સાવરકુંડલા જવા કહ્યું ત્યારે માંડ માંડ તે માની.

બધાં રાજીના રેડ થઈ ગયાં. આ બહાને વતનમાં જવા મળે.

હવે તૃપ્તિબેન, પતિ અને મીનુ સાવરકુંડલા આવ્યાં. પહેલી સાંજે જ એ. આર. જ્વેલર્સમાં ગયાં. રમેશભાઈ બહુ ખુશ થઈ ગયા. ઠંડું મંગાવ્યું. રાતના ઘરે જમવા આવવા કહ્યું.

મીનુને નવાઇ લાગી. તેને મન વેપારી એટલે વેપારી જ એમ હતું. વેપારી સાથે ઘરનાં સંબંધો કલ્પનાતીત હતા.

ઘરેણાંની ડીઝાઈન બતાવી. આશ્ચર્ય વચ્ચે મંગળસૂત્ર, સેર, વીંટી, નેકલેસની ડીઝાઇન બધાંને પસંદ પડી. છ દિવસમાં તો તૈયાર થઈ ગયા.

રાતનાં નવ વાગ્યાની ટ્રેન હતી. રીક્ષા કરી રેલવે સ્ટેશન આવ્યાં. સામાન ઉતાર્યો. પણ આઘાત લાગ્યો. જે નાની બેગમાં અલંકારો મુક્યાં હતાં, તે બેગ રીક્ષામાં પાછળ મુકી હતી ત્યાં રીક્ષાનું રેક્ઝીન ફાટી ગયું અને બેગ રસ્તામાં પડી ગઈ હતી.  ખૂબ જીવ બળ્યો. મુંબઇ પાછા આવ્યાં.

લગ્ન સમયે વેવાઈને ઘરેણાં પછી કરાવી દેશું તેમ કહ્યું. વેવાઈ તો સામા કહે ''તમે અત્યારે ભીડમાં હો તો બોલો, મૂંઝાતા નહીં.'' મન થોડું હળવું થયું. અંતે લગ્ન અને વિદાયનો દિવસ આવ્યો. લગ્નવિધિ ચાલતી હતી, ત્યાં સાવરકુંડલાથી વજુભાઈ આવ્યો. આવીને તૃપ્તિબેનના હાથમાં ખોવાયેલી બેગ મુકી. ખોલીને જોયું તો બધાં ઘરેણાં હતાં.

કન્યાદાનનો સમય થયો હતો. તૃપ્તિબેને વજુભાઈને કીધું ''તુ ંજ મારો ભાઈ છે. આ ઘરેણાં તું જ મીનુને આપ. આ તારું મામેરું.''

બ્લોકનં. ૩, શિવાની પાર્ક,
જૂના થાણાં પાસે, નવસારી - ૩૯૬૪૪૫
મો.૯૪૨૭૨૩૦૨૫૪.
મેઈલઃ navdurgajoshiyahoo.com

|| વિદ્યાવૃત્ત ||

## સીવીએમયુ સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન કુલ ૧૦૨ યુનિટ બ્લડનું કલેક્શન થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેસીઆઇ વલ્લભ વિદ્યાનગરનો પૂરતો સહયોગ પ્રાપ્ત થયો હતો. જેમાં જેસીઆઇ વલ્લભ વિદ્યાનગરના પ્રેસિડેન્ટ ડો. દિલીપભાઈ પટેલ અને કાર્યક્રમના ચેરમેન સંજયભાઇ પટેલ તથા જેસીઆઇના તમામ સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે આઈસ્ટાર કોલેજના આચાર્યશ્રી પ્રો. ડો. નિર્મલ કુમારે પૂરતું માર્ગદર્શન આપ્યું હતું અને સંસ્થાના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડો. અમિત ઠુમ્મરે સમગ્ર એનએસએસના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલકુમારે રક્તદાન કરનાર વિદ્યાર્થીઓને, કર્મચારીઓને અને એનએસએસના સૌ કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

# G. J. Patel Institute of Ayurvedic Studies & Research New Vallabh Vidyanagar

**- DR. C.H. Babaria**

## Introduction

G. J. Patel Institute of Ayurvedic Studies & Research (GJPIASR) and S.G. Patel Ayurveda Hospital & Maternity Home (SGAH & MH) areestablished in the year 2006 and 2005 respectively under the aegis of Charutar Vidya Mandal, Vallabh Vidyanagar. Mr Jayantibhai Patel generously donated in the name of Shri Govindbhai Jorabhai Patel and Shrimati Surajben Govindbhai Patel for the establishment of GJPIASR and SGAH & MH respectively. The prime purpose of establishing GJPIASR was to provide the Traditional education of Ayurveda along with ultramodern teaching tools. SGAH & MH was established to serve the people living in the vicinity of Vidyanagar, Karamsad andAnand. GJPIASR is one of the oldest Self-financed Institutions providing Ayurveda Education.

## Approval

GJPIASR is an approved Ayurveda Institution by the then Central Council of Indian Medicine (CCIM) (Now National Commission for Indian System of Medicine (NCISM)), Ministry of Ayush, Govt. of India, New Delhi.

## Affiliation

Before the existence of CVM University, GJPIASR was affiliated to Gujarat Ayurved University, Jamnagar. Now, since September 2019, GJPAISR is a constituent college of CVM University.

## Certification

GJPAISR is an ISO 9001:2008 certified Institution.

## Our Motto

यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित् ।

Charaka Samhita

To establish a unique, all-encompassing Ayurveda Institute with unlimited facilities, unmatched excellence.

## Our Dream

- To Establish a Model Ayurveda Institute to Meet Global Expectations.

## Our Vision

- To establish a quality Ayurveda Institute for providing value added and globally relevant education based on eternal human values.
- To establish a viable link between tradition, science and technology using ultra-modern facilities, state of art equipment, sophisticated modern diagnostic aids, and ancient traditional ideology.

## Mission

- Resurrection and Revitalization of Ayurveda and enduring Indian tradition of pioneering excellence in learning in a universally relevant context.
- To carryout meaningful research involving modern technology, ancient traditions &multi-disciplinary faculty to throw light on hidden treasures of Ayurveda.

 ISSN 0976 – 9609

**Objectives**

- Ensuring excellence in the academic milieu by providing nourishing and stim ulating learning environment
- To impart value added, universally relevant, quality teaching in order to engender globally viable and competent Ayurveda professionals
- To meet the needs of ever-expanding health care sector in the country through Ayurveda the ancient science of life.
- To equip the students with the cutting-edge technology and provide rare insight into the Indian medical philosophical insight to meet social values

**Salient features**

- Full time, regular, dedicated and experienced teaching faculties.
- Hi-Tech classrooms with audio-visual aids.
- Well organized student counselling system for one-to-one student guidance and mentoring.
- Wi-fi enabled campus, Herbal garden, separate hostel facility for girls and boys, College canteen and Mess within the college premises only.
- Well organized and systematic organization of various committees, cells for smooth conduction of administrative, curricular, co-curricular and other activities of institute.
- Well ventilated spacious dissection halls with mortuary for cadaver preservation.
- Well-equipped, spacious, ventilated and nicely decorated museums in the departments of Sharir Rachana (Anatomy), Sharir Kriya (Physiology), Rasashastra & Bhaishajya Kalpana (Pharmaceutical Sciences), Agadtantra (Forensic Medicine & Toxicology), Swasthavritta(Preventive & Social Medicine),Stri-roga & Prasuti tantra (Obstetrics &Gynaecology), Shalyatantra (Surgery)
- Well established laboratory with all instruments and equipments as per CCIM norms in the departments of Sharir Kriya (Physiology), Roganidana & Vikritivigyan (Pathology)
- Each and every department is uniquely decorated with respective departmental library, display of charts and models of respective subjects.
- Quality testing laboratory and GMP Certified teaching pharmacy.
- Central library well ventilated and spacious seating arrangement for students containing more than 13000 books of Modern Medical Science and various Ayurved disciples from ancient till current era.

**Program Offered**

B.A.M.S. (Bachelor of Ayurveda Medicine & Surgery), a five and half

year (including 1 year Internship) Ayurveda degree course is being offered by this Institute with intake capacity of 100 students. The subject material is taught as per NCISM's (National Council of Indian Systems of Medicine) recommendations. Institute has appliedfor the Post-Graduation courses i.e M.D. (Ayurveda) in the Departments like Kayachikitsa, Panchakarma etc. Institute has also planned to start the Ph. D. (Ayurveda) in near future. Institute has also proposed short term courses on Ayurveda for Foreign nationals.

**Eligibility Criteria**

Candidate wishing admission to first professional B.A.M.S. should have qualified H.S.E.B. (Science Stream) with 'B' or 'AB' group or equivalent examination with 50% in PCB for open category and 40% for reserve categories. Qualifying NEET in current academic year, with minimum 50 percentile for general category and 40 percentile for reserve categories is essential.

**Qualified Faculty**

Institute has 47 highly qualified and experienced Teaching Faculty. 47 Faculties come from eight different states. Out of 47, 11 are having PhD degree and two faculties are pursuing PhD. Faculties are well versed with modern teaching tools for IT based education

**Facilities at GJPIASR**

**Ultramodern Classrooms**

All the classrooms are equipped with all the ultra-modern equipment's like LCD Projectors to provide IT enabled education. Along with traditional Samhita Pathan, Blackboard teaching, Teachers use the Internet, LCD projectors to update the students regarding recent updates in the Modern Medical World.

**Laboratories and Quality Testing Lab**

All the labs are equipped with all the essential instruments and equipment as prescribed time to time by the regulatory body.

**Library**

The College has well equipped library with a rich collection of more than 13,000 useful books in various dialects. Along with number of well known journals, various news papers, newsletters, e-materials, etc. Library is enabled with bar coding system which ensures secured borrowing facility. The library is equipped with unique reference section which reserve a reference copy of all books available in library

**Pharmacy**

The pharmacy unit of GJPIASR is attached with department of Rasashastra and Bhaisajya Kalpana and is mainly involved in production of various Ayurvedic classical medicines like Medicated ghee, medicated oil, Avaleha (chyawanprasha), bhasmas, gutikas, churnas, kwath etc. These medicines are supplied to S G Patel Ayurveda Hospital and maternity home for distribution to the patients. The pharmacy is well equipped with Pulverizer, Disintegrator,


ISSN 0976 – 9609

Vibro-Shifter, Mass mixer, Drying oven, Coating and polishing pan, Muffle furnace, tablet machine, end runner, edge runner etc for production of classical medicines. Raw material store where more than 150 numbers of raw materials are stored effectively. More than 4000 Kg of medicines including Chyawanprash is produced every year by pharmacy.

### Herbal Garden

Two acres of land covers Aushadhi Vatika (Herbal Garden) with unique plantation of about 272 species of medicinal plants andtotal 1100 medicinal plants. Plant species are planted as per botanical, astronomical and Ayurvedic categorization. Plantation of various vulnerable and rare plant species is undertaken to promote conservation of threatened species.

### Communication Lab

Institute consists of multipurpose, well-furnished advanced analogue and digital communication lab having the capacity to occupy 40 students at a time. The communication lab is fully equipped.

* * *

## S G PATEL AYURVEDA HOSPITAL AND MATERNITY HOME

### Objectives

- Ensuring excellence in the academic milieu by providing nourishing and stimulating learning environment.
- To impart value added, universally relevant, quality teaching to engender globally viable and competent Ayurveda professionals.
- To meet the needs of ever-expanding health care sector in the country through Ayurveda the ancient science of life.
- To equip the students with the cutting-edge technology and provide rare insight into the Indian medical philosophical insight to meet social values

### Quality Policy

S. G. PATEL AYURVEDA HOSPITAL (SGAH & MH) is engaged in providing Ayurvedic health care services to the patients. The hospital has an aim of imparting benefits of ancient Indian medicine to the ailing human community.

We reaffirm our commitment for rendering quality services and fulfilling the aim through:

- Recruiting and retaining qualified, self-motivated, and disciplined staff.
- Understanding and fulfilling the requirements of the patients.
- Continuous interaction to build up a ‘contact bridge’ between Patients, Doctors and Hospital administration.
- Committed and innovative approach for providing better services to patients.
- Ensuring hygienic environment.
- Implementation of international quality management system.

We are determined to constantly strive towards excellence by continuously upgrading our facilities and skills for ensuring a healthy society.

**OPD (Out patient Department)**

Provision of various specialty OPDs with free consultation by expert Ayurveda practitioners. Till date SGAH & MH has provided free medication to more than 10 Lakh patients.

| Sr No | OPD | Services offered |
|---|---|---|
| 1 | Kayachikitsa (General medicine) | This unit offers comprehensive management of various acute and chronic diseases and provides optimum benefits through classical Ayurvedic regimens. The unit has earned wide popularity in successfully treating a variety of disease condition like Neurological disorders, Skin diseases, Arthritis, Obesity, Diabetes, Hypertension, Stress, Respiratory and Gastrointestinal disorders. |
| 2 | Panchakarma (Bio purification) | Classical Panchakarma (Vamana, Virechana, Basti, Nasya, Raktamokshana) Keraliya Panchakarma procedures along with allied procedures like Shirobasti, Shirodhara, etc. which are found efficient in variety of Neurological, Musculo-skeletal and skin disorders like Psoriasis, Eczema, Leucoderma etc. Arogyam Services, Hi-tech Panchakarma unit is well equipped with the latest technological advances and provides exclusive facilities. Seasonal panchakarma according to prakriti of patient and season as rejuvenation therapy. |
| 3 | Shalyatantra (Surgery) | Mainly deals with the Surgical and Para surgical procedures like 'Ksharasutra', 'Viddha Chikitsa'(Venu-Puncture), 'Agnikarma' (Cauterization) which are found efficient in Ano-rectal diseases [Arsha (Piles), Bhagandara (Fistula-in-ano), Fissure], Sciatica, Arthritis, etc<br>New OT complex with ultra-modern equipments is being developed at the cost of Rs. 1 crore. Surgeries with the help of modern surgeons at subsidised rates. |
| 4 | Shalakya tantra (ENT and Opthalmology, Oro-Dental) | This branch deals with Ayurvedic Management of various ailments related to E.N.T., Ophthalmology & Dentistry and offers various procedures like 'Netra – Tarpana', 'Nasya', 'Karnapoorana', etc. for maintenance of general health. Treatment of ear, eye and dental disorders. |

 ISSN 0976 – 9609

| | | |
|---|---|---|
| 5 | Prasuti tantra and stri roga (Obstetrics and Gynaecology) | Diagnosis and treatment of various Gynaecological disorders like infertility, menopause, menstrual disorders, vaginal infections, fibroid etc with specific local procedures like Uttarbasti, Douche, Agnikarma. Monthwise Antenatal care with Garbha Samskara with normal delivery and Caesarean section at subsidised rates. |
| 6 | Balaroga (Paediatrics) | This OPD offers complete Ayurvedic management for many paediatric disorders including Cerebral palsy, Polio myelitis, Muscular dystrophy etc. The well-known mass immunization programme "SUVARNAPRASHANA" is organized by this dept on regular basis to promote the Immunity and Intellectual abilities of the children. |
| 7 | Swastharakshana (Diet and lifestyle) | The OPD provides services to maintain health and ensure prevention against illness. To ensure fast recovery through diet and lifestyle changes. |

**IPD (In door patient department)**

The I.P.D. has admission capacity of 150 patients with separate wards for different departments and has special and semi special rooms. Indoor wards with full ambience and 24 hours individual patient care. General ward admission along with breakfast, lunch and dinner is free for patients. Paid accommodation for AC and Non AC rooms with subsidised rates.

**Diagnostic Laboratory**

All the routine investigations of Haematology, Serology, Biochemistry etc. are being conducted at Pathology laboratory. For today's health aware society a TOTAL BODY CHECKUP SCHEME is functional under which periodical essential and routine investigations are performed. The investigations are done at subsidised rates with free glucose and urine investigations.

**X-Ray and USG**

Radiology department provides facilities of X-Ray & ultrasonography for OPD & IPD patients at nominal rates.

**Physiotherapy and Naturopathy**

This unit aims the physical treatment and management of disease or condition which enables people to reach their maximum potential. Treatment techniques used to promote the ability to move, reduce pain, restore function, and prevent disability under qualified physiotherapist. Naturopathy treatment for early restoration of health without any untoward effects.

**Yoga camp and sessions**

Yoga Camp & Daily Yoga Session are conducted on regular basis as a part of Swasthyrakshana. It promotes the metal strength of the individual there by helps in countering the day today stress related troubles.

**Gayatri Yagna and morning prayers :**

Daily Gayatri Yagna with morning assembly prayers with mantra and shloka recitation since 11 years to impart pure and serene atmosphere at hospital.

**Free Medical Camps :**

The Hospital organizes free Medical Camps in the nearby villages under the rural health programme on regular basis where patients are diagnosed and distributed free medicines. The Hospital also runs a Mobile Clinic and Satelite OPDs to cater to the needs of the patients who cannot reach to avail the benefits of the facilities available in the Hospital. The college and associated hospital has adopted five villages to conduct surveys and provide health care.

**Free Suvarnaprashana :**

A mass immunization programme "SUVARNA PRASHANA" is organized in the Hospital campus once a month on Pushya star day to promote the Immunity and Intellectual abilities of the children below the age of 10 years.

**Free decoction distribution during Covid 19 crisis**

For immunity boosting, S. G. Patel Ayurveda Hospital distributed kadha(decoction) for prevention againt COVID-19. Decoction was distributed at places near Vidyanagar like ISCON, Hariom nagar, Nana Bazar, Mota bazar, Bakrol Square, Vrundavan Ground, Kalikund Mandir and also for staff at CVM University and S. P. University. More than 4000 people were benefited with this decoction.

**Number of patients benefitted under different services at hospital from Jan 2005 to August 2021.**

| Sr no | Services | Number of patients benefitted |
|---|---|---|
| 1 | Medical camps | 77,957 (695) |
| 2 | OPD | 10,10,396 |
| 3 | IPD | 29,200 |
| 4 | Panchakarma therapies | 4,64,554 |

**Number of kids benefitted with Suvarnaprashan at hospital from Jan 2005 to August 2021.**

| Sr no | Services | Number of Kids benefitted |
|---|---|---|
| 1 | Suvarnaprashana | 2,25,303 |

Director
G.J. Patel. Institute of Ayurvedic Studies & Research, New V.V. Nagar, Dist. Anand
State: Gujarat


ISSN 0976 – 9609

# मैं. समय हूँ

– महेश स्टेलिन

वक्त ऐसा भी एक आया,
घड़ीको चलते पाया ।
छोटी–बड़ी सूईयों को,
घूमते अविरत पाया।

चिरोंका भवंडर,
मनमें अजीब–सा आया,
बारह अंकों के सफ़रमें,
मानव–जीवन समाया।

छोटी–सी एक सुईने,
उत्पात क्या जगाया,
दिन–रात व निरंतर,
इंसान को भगाया।

अलार्म जब जगा तो,
निंदरानीको भगाया,
उनींदा सपने टूटे,
दिल काममें लगाया।

सहसा विचार कौंधा,
एक 'ब्रहमज्ञान' पाया,
वर्तमान–भूत –भविष्य,
घड़ी–चक्रमें समाया ।

गुरुजनों ने अबतक,
'तीन' काल है पढ़ाया,
चलती घड़ी ने हमको,
सिर्फ़ काल 'दो' जताया।

चलती निरंतर सुई में,
सिर्फ़ भूत, भविष्य पाया,
वर्तमान 'पल' का उसने,
जैसे 'छेद' है उड़ाया।

निर्जवने सजीवके,
जीवनको क्या सजाया,
रुकना नहीं जीवनमें,
संदेश ये सिखाया ।

**आचार्य**
आई.बी.पटेल इंग्लिश स्कूल, वललभविद्यानगर।

## ક્રિકેટના એમ્બેસડરઃબ્રાયન લારા

– પી.ડી. શર્મા

ક્રિકેટ જગતમાં અનેક વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર બ્રાયન લારા સાચા અર્થમાં ક્રિકેટના એમ્બેસેડર ગણાય છે. ૨૦ એપ્રિલ, ૨૦૦૭ના રોજ વેસ્ટ ઈન્ડિઝના લેજેન્ડ ક્રિકેટર અને કેપ્ટન બ્રાયન લારાએ ક્રિકેટ વર્લ્ડકપના સુપર એઈટ મુકાબલાની છેલ્લી મેચ ઈંગ્લેન્ડ સામે રમીને ક્રિકેટ જગતને અલવિદા કહ્યું હતું. વિશ્વભરના બોલરોને આશરે ૧૭ વર્ષ સુધી હંફાવ્યા બાદ લારાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. લારાની નિવૃત્તિથી ક્રિકેટના એક યુગનો અંત આવ્યો હતો.

### સામાન્ય કુટુંબમાં જન્મ અને ક્રિકેટ રમવાનો પ્રારંભ

મહાન લારાનો જન્મ ૨ મે, ૧૯૬૯ના રોજ થયો હતો. લારા તેના માતા -પિતાના ૧૧ સંતાન પૈકીના ૧૦મા નંબરના સંતાન હતા. માત્ર ૬ વર્ષની વયે ટ્રીનીદાદની હાર્વડ સેન્ટરમાં લારાને દાખલ કરવામાં આવ્યો હતો. જોકે છેક ૧૪ વર્ષની વય સુધી તેઓ ક્રિકેટ ઉપરાંત ફૂટબોલ, ગોલ્ફ અને ટેબલ ટેનિસ જેવી રમતોમાં પણ રૂચિ ધરાવતા હતા. ત્યારબાદ તેઓએ ક્રિકેટ ઉપર વિશેષ ધ્યાન આપ્યું હતું. અને તેને કારણે જ તેઓની ટ્રીનીદાદની અન્ડર-૧૬ની ટીમમાં અને ત્યારબાદ અંડર-૧૯ની ટીમમાં પસંદગી થઈ હતી. ટ્રીનીદાદ ટીમ વતી રમતા તેઓના દેખાવ ખૂબ જ આકર્ષક રહ્યો હતો અને તેને કારણે ૨૦ વર્ષની વયે ૧૯૯૦માં તેઓ ટ્રીનીદાદના સૌથી યુવા ખેલાડી બન્યા હતા.

### વન-ડે અને ટેસ્ટમાં પ્રવેશ

૧૯૯૦માં જ તેઓની પસંદગી વેસ્ટઈન્ડીઝની ટીમમાં થઈ હતી અને તેઓએ વન-ડે તેમજ ટેસ્ટમેચની શરૂઆત પાકિસ્તાન સામે રમીને કરી હતી. ત્યારબાદ તો ૧૯૯૦ થી ૨૦૦૭ સુધીમાં બ્રાયન લારાએ વન-ડેમાં તેમજ ટેસ્ટમેચોમાં ન કલ્પી શકાય તેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એટલું જ નહિ પણ પ્રથમ કક્ષાની ક્રિકેટમાં ૫૦૧ રન બનાવીને અને ટેસ્ટમાં ૪૦૦ અણનમ રન બનાવીને અકલ્પનીય રેકોર્ડસ પ્રસ્થાપિત કર્યા હતા.

### ટેસ્ટ ક્રિકેટમાં શ્રેષ્ઠ દેખાવ

ઓસ્ટ્રેલિયા સામે ૧૯૯૩માં સિડની ખાતે લારાએ ૨૭૭ રન ફટકારી પોતે એક વર્લ્ડકલાસ ખેલાડી હોવાનો ચમકારો બતાવ્યો હતો. પોતાની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ એવી આ ઈનિંગ તેઓને કાયમ યાદ રહે તે માટે તેઓએ પોતાની પુત્રીનું નામ સિડની પાડ્યું હતું. ૧૯૯૪માં એન્ટિગામાં ઈંગ્લેન્ડ સામે લારાએ ટેસ્ટમાં ૩૭૫ રનની ઐતિહાસિક ઈનિંગ રમીને રેકોર્ડ તોડી નાખ્યો હતો. પરંતુ ટૂંક સમયમાં જ જ્યારે હેડને ઝિમ્બાબ્વે સામે ૩૮૦ રન નોંધાવ્યા ત્યારે મનાતું હતું. કે હવે અનિશ્ચિત સમયગાળા માટે રેકોર્ડ તેમના નામે અકબંધ રહેશે. પરંતુ થોડા સમયમાં જ લારાએ એન્ટીગામાં જ ઈંગ્લેન્ડ સામે ૪૦૦ રનની અણનમ રનની મેરથોન ઈનિંગ રમીને ફરી આ દુર્લભ કહી શકાય તેવો રેકોર્ડ તેમનાં નામે કરી દીધો હતો. નવેમ્બર, ૨૦૦૫માં લારાએ એલન બોર્ડરના ટેસ્ટ ક્રિકેટના સૌથી વધુ રન ૧૧,૧૭૪ ના રેકોર્ડને વટાવ્યો હતો. એટલું જ નહિ પણ તેઓએ ૧૩૧ ટેસ્ટમેચોમાં ૨૩૨ ઈનિંગ રમી, ૧૧૯૫૩ રન કર્યા હતા. (જુઓ ટેબલ) આ રીતે કહી શકાય કે ડોન બ્રેડમેન પછી લારા સિવાય વિશ્વમાં ટેસ્ટ ક્રિકેટમાં મોટી ઈનિંગ બીજા કોઈ ખેલાડીએ રમી નથી. એટલું જ નહિ પણ બ્રેડમેન પછી લારા સિવાય વિશ્વમાં બે ત્રેવડી સદી ફટાકારનાર અન્ય કોઈ ખેલાડી નથી. ૧૯૯૪માં તેઓએ પ્રથમ કક્ષાની કાઉન્ટી ક્રિકેટમાં ૫૦૧ રન કરી ક્રિકેટ ઈતિહાસમાં હેરતભર્યો દેખાવ કર્યો હતો.

### વન-ડેમાં શ્રેષ્ઠ દેખાવ

બ્રાયન લારાએ ૧૯૯૦માં કરાંચી મુકામેથી પોતાની વન-ડેની કારકિર્દીની શરૂઆત કરી હતી. આ મેચમાં તેઓ ફક્ત ૧૧ રન કરી વકારની બોલિંગમાં એલબીડબલ્યુ આઉટ થયા હતા ત્યારબાદ બ્રાયન લારાએ ટેસ્ટમેચોની જેમ વન-ડેમાં પણ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો અને કેટલીક વાર એકલા હાથે તેઓએ પોતાની ટીમને જીતાડી હતી. એટલું જ નહિ પણ ડિસેમ્બર ૨૦૦૬માં તેઓએ વન-ડેમાં ૧૦,૦૦૦ રન પૂરા કરી ભારતના સચિન તેડુંલકર સહિતના ક્રિકેટરોની યાદીમાં સ્થાન મેળવ્યું હતું.

### ત્રણ વાર કેપ્ટન

બ્રાયન લારા વેસ્ટ ઈન્ડિઝ ટીમના ત્રણ વખત કેપ્ટન

 ISSN 0976 – 9609

બન્યા હતા-૧૯૯૭, ૨૦૦૩ અને ૨૦૦૬, દર વખતે તેઓએ કેપ્ટન તરીકે ખૂબ જ ઉમદા કામગીરી કરી હતી. પરંતુ કેટલીક વાર તેઓ ધાર્યા પ્રમાણેના પરિણામો મેળવી શક્યા ન હતા. તેના માટેના ઘણા કારણોમાંથી એક કારણ મેનેજમેન્ટ અને પસંદગીકારો તરફથી અપૂરતો સહકાર હતો. ૨૦૦૭ ક્રિકેટ વર્લ્ડકપમાં કેપ્ટન તરીકે તેઓની ટીમ સેમિફાઈનલમાં ન પહોંચી શકી તેનું તેઓને ખૂબ જ દુ:ખ હતું. બ્રાયન લારાએ ૨૯૯ વન-ડે મેચો રમીને નિવૃત્તિ લીધી હતી. જો તેઓની ટીમ ૨૦૦૭ ક્રિકેટ વર્લ્ડકપમાં સુપર એઈટમાંથી જીતીને સેમી ફાઈનલમાં પહોંચી હોત તો તેઓએ વન-ડેમાં ૩૦૦ વન-ડે મેચ રમવાની સિદ્ધિ હાંસલ કરી હોત.

**ગોલ્ફમાં રસ**

બ્રાયન લારા ગોલ્ફના પણ એક સારા ખેલાડી પણ હતા. તેમણે સમગ્ર કૈરિબિયાઈ ક્ષેત્રની ગોલ્ફ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને તેનો ખિતાબ પણ જીત્યો હતો. સપ્ટેમ્બર ૨૦૦૯માં રોયલ સેન્ટર કિટ્સ ગોલ્ફ ક્લબમાં માનદ આ જીવન સભ્ય તરીકે લારાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**એવોર્ડસ અને સિદ્ધિઓ**

બ્રાયન લારા દરેક સમયના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક ગણવામાં આવે છે. વિશ્વમાં તેઓ એકમાત્ર બેટ્સમેન છે જેમણે તેમની પ્રથમશ્રેણીની વરિષ્ઠ કારકિર્દીમાં સૌ, બસો, ત્રણસો,ચારસો અને પાંચસો રન બનાવ્યા છે. ૧૯૯૫માં લારાને દુનિયામાં વિઝડન લીડીંગ ક્રિકેટર તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. એટલું જ નહિ પણ ૧૯૯૪માં બ્રાયન લારાને પ્રતિષ્ઠિત 'બીબીસી ઓવરસીઝ સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ યર' એવોર્ડ આપવામાં આવ્યો હતો. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ શ્રીલંકામાં કોલંબો મુકામે આયોજિત એવોર્ડ સમારોહમાં તેમને 'આઈ સીસી હોલ ઓફ ફેમ'માં સામિલ કરવામાં આવ્યા હતા. ૨૦૧૩માં લારાને એમસીસી (Mcc)ની માનદ લાઈફ સભ્યપદ મળ્યું.

કેટલાંક ક્રિકેટ પ્રેમીઓ એમ માને છે કે બ્રાયન લારાએ ઉતાવળમાં નિવૃત્તિની ખોટી જાહેરાત કરી હતી. જો લારાએ રમવાનું ચાલુ રાખ્યું હોત તો કેટલાક નવા વિશ્વ રેકોર્ડર્સ ક્રિકેટજગતને આપી શક્યા હોત. પરંતુ અત્યારે તો આ ભૂતકાળની વાત થઈ ગઈ છે. પરંતુ આ વાતમાં કોઈ બે-મત નથી કે ભવિષ્યમાં ક્રિકેટ જગતને લારા જેવા ખેલાડી ભાગ્યે જ મળે અને તેથી જ લારાની નિવૃત્તિ સાથે ક્રિકેટ જગતના એક યુગની સમાપ્તિ થઈ હતી.

**ટેબલ ટેસ્ટ ક્રિકેટમાં લારાનો પ્રત્યેક દેશ સામે રેકોર્ડ**

| દેશ | ટેસ્ટ | ઈનિંગ | નો.આ. | રન | શ્રેષ્ઠ | સદી | અર્ધીસદી | શૂન્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | ૩૧ | ૫૮ | ૨ | ૨૮૫૬ | ૨૭૭ | ૯ | ૧૧ | ૫ |
| બાંગ્લાદેશ | ૨ | ૨ | ૦ | ૧૭૩ | ૧૨૦ | ૧ | ૧ | ૦ |
| ઈંગ્લેન્ડ | ૩૦ | ૫૧ | ૩ | ૨૯૮૩ | ૪૦૦ | ૭ | ૧૧ | ૪ |
| ભારત | ૧૭ | ૨૯ | ૦ | ૧૦૦૨ | ૧૨૦ | ૨ | ૬ | ૩ |
| ન્યુઝીલેન્ડ | ૧૧ | ૧૭ | ૦ | ૭૦૪ | ૧૪૭ | ૧ | ૫ | ૧ |
| પાકિસ્તાન | ૧૨ | ૨૨ | ૦ | ૧૧૭૩ | ૨૧૬ | ૪ | ૩ | ૨ |
| દ.આફ્રિકા | ૧૮ | ૩૫ | ૦ | ૧૭૧૫ | ૨૦૨ | ૪ | ૯ | ૧ |
| શ્રીલંકા | ૮ | ૧૪ | ૧ | ૧૧૨૫ | ૨૨૧ | ૫ | ૨ | ૧ |
| ઝિમ્બાબે | ૨ | ૪ | ૦ | ૨૨૨ | ૧૯૧ | ૧ | ૦ | ૦ |
| કુલ | ૧૩૧ | ૨૩૨ | ૬ | ૧૧૯૫૩ | ૪૦૦ | ૩૪ | ૪૮ | ૧૭ |

- બી-૧ સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામો, આંબાવાડી
અમદાવાદ - ૩૮૦૦૧૫
મો:- ૯૮૯૮૮૭૦૮૪૦

## નલિની આટ્ર્સ કોલેજમાં ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી નિમિતે 'મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી, પટેલ આટ્ર્સ કોલેજમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમિતે 'મેઘાણી વંદના' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ આચાર્યશ્રી ડો. એમ.જી.મન્સૂરી સાહેબે અધ્યક્ષીય પ્રવચન આપતાં જીવનમાં સાહિત્યનું મહત્ત્વ અને ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતી કાર્યક્રમની મહત્તા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. સાધના પટેલે મહેમાનોનું સ્વાગત અને પરિચય કરાવ્યો હતો. વક્તાશ્રી રાણા બાવડીયાએ મેઘાણીની કવિતા અને કવિનું કાર્યકર્મ વિષે વ્યાખ્યાન આપ્યું હતું, અન્ય વક્તાશ્રી સંજય સોલંકીએ મેઘાણીની પ્રસિદ્ધ રચનાઓ 'કસુંબીનો રંગ' 'મન મોર બની થનગનાટ કરે' ગાઈ સાંભળાવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૪૮/ની વિદ્યાર્થિનીઓ નિરાલી અને દર્શનાએ પ્રાર્થના રજૂ કરી હતી. તો કોલેજના ગુજરાતી વિભાગના વિદ્યાર્થીઓ હિતેશ રાઠવા, સંગીતા વૈષ્ણવ, ડિમ્પલ પરમાર, દિપીકા મકવાણા, કુસુમ, પ્રિયંકા, નર્મદા, દિક્ષીતા, દીક્ષા, અંકિત વગેરે વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લઈ મેઘાણીની કવિતાનું પઠન અને કાવ્યગાન રજૂ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ગુજરાતી વિભાગના અધ્યાપક ડો. જિગ્નેશ પરમારે કર્યું હતું. અને કાર્યક્રમનું આભારદર્શન ૧૪૩/ની વિદ્યાર્થિની કલ્પના કોંકણીએ કર્યું હતું.

## આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ હેઠળ ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સમાં મેઘાણી રચિત ગીતોની સ્પર્ધાનું આયોજન

આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો (ગીત, કાવ્ય, લોકગીત) ની વિવિધ કોલેજો, યુનિવર્સિટી અને રાજ્ય કક્ષાએ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તા. ૨૯/૦૮/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ દરમિયાન આ કાર્યક્રમો ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેના ભાગ રૂપે ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં આચાર્ય શ્રી ડો. ધીરુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં મેઘાણી રચિત ગીતોની એક સ્પર્ધા તા. ૦૩/૦૯/૨૦૨૧ ને શુક્રવારના રોજ યોજાઈ હતી. અને વિદ્યાર્થીઓ દ્વારા ગીતો રજૂ કરાયા હત, જેમાં નિર્ણાયક તરીકે શ્રી રમેશભાઈ ભગત, શ્રી નટુભાઈ વૈષ્ણવ અને શ્રીમતી ઊર્મિબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ત્રણ વિજેતા વિદ્યાર્થીઓના નામ યુનિવર્સિટી કક્ષાએ મોકલવાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે આજની આ સ્પર્ધાનાં પ્રથમ વિજેતા તરીકે કૌશિક સેનવા, દ્વિતીય વિજેતા સંજય ઓડેદરા અને તૃતીય વિજેતા તરીકે તુલસી જોષી રહ્યા છે. જેમના નામ યુનિવર્સિટી કક્ષાએ મોકલી આપવામાં આવ્યા છે.

આ કાર્યક્રમ નાં નોડલ ઓફિસર તરીકે કોલેજના અધ્યાપક શ્રી તસવ્વુર મલેકે પણ ખૂબ મહત્વની ભૂમિકા ભજવી, અને વિદ્યાર્થીઓને ગીતોની તૈયારી કરવામાં મદદ કરી. અને એક સુંદર સ્પર્ધાનું આયોજન થયું, જેમાં કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઘણી જહેમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો.

 ISSN 0976 – 9609

## ગો.જો.શારદામંદિર (પ્રાથમિક વિભાગ) વિદ્યાનગર ખાતે પોષણ માહની ઉજવણી

ગો.જો.શારદામંદિર (પ્રાથમિક વિભાગ) ની વિધાર્થિનીઓએ તા. ૨૧-૦૯-૨૦૨૧ પોષણ માહની ઉજવણી અંતર્ગત ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.એમ.પટેલ હોંમસાયન્સ કોલેજમાં સ્લોગન સ્પર્ધામાં મુ.શિ ચિરાગભાઈ પરમાર અને હું કોણ છુ? સ્પર્ધામાં નિરાલીબેન પટેલ ના નેતૃત્વમાં શાળાની વિધાર્થીનીઓએ ભાગ લીધેલ હતો. જેમાં ધોરણ -૭ ની શિયા અલ્પેશભાઈ દરજીએ દૂધનુ પાત્ર ભજવી અને તેના પોષકતત્વ ની માહિતી આપી બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. મુ.શિ જિગીશાબેન શાહ દ્વારા વિજેતા વિધાર્થિનીઓને તેમજ ભાગ લેનાર વિધાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન ડો.સર્વપલ્લી રાધાક્રિશ્નનની જન્મજયંતી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન ડો.સર્વપલ્લી રાધાક્રિશ્નનની જન્મજયંતી ૫-મી સપ્ટેમ્બર-શિક્ષકદિન તરીકે શાળાકીયદિન વિશેષ ઉજવણી સમિતિના કન્વિનરશ્રી હર્ષદકુમાર વાઘેલા, શ્રીમતી અંકિતાબેન પટેલ, શ્રીમતી હંસાબેન રાઠોડ અને પેટ્રીસા મહિડા દ્વારા કરવામાં આવી હતી જેમાં, ૯૬ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમના અધ્યક્ષપદે શાળાના આચાર્ય અને ૬૦ ગામ સુથાર સમાજના પ્રમુખશ્રી વિજયકુમાર સુથાર, મુખ્ય મહેમાનપદે આણંદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ, અતિથિ વિશેષપદે ચિખોદરા હાઈસ્કૂલના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત શ્રી મુકેશકુમાર મહિડા તેમજ શાળાના સુપરવાઈઝરશ્રી સી.કે.ચૌધરી અને શિક્ષકદિનમાં સુપરવાઈઝર તરીકે કામગીરી કરનાર ધો.૧૨નાં વેદ પટેલ અને કુ.જાન્હવી વ્યાસ મંચસ્થ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકદિનમાં ભાગ લેનાર સૌએ ઉત્સાહભેર સ્વયંશિક્ષણ કાર્ય કરાવ્યું હતું જેમાંથી, ધો.૧૧માં પારેખ ધ્રુવ, દેસાઈ ભક્તિ, સુખડીયા મિત, જોશી જહાનવી, અનોખા કુમાર, સોલંકી હેમાંગિની, પુરોહિત મુસ્કાન, કનોજીયા નેહા તેમજ ધો.૧૨ માંથી તિવારી શ્રુતિ, પ્રજાપતિ હિનલ, શાહ વૈશ્વી, ચૌહાણ વિશાખા, જાની ઈવા, કુમાવત કોમલ,અને સરગરા સુનીલ પ્રથમ ક્રમે આવ્યા હતા. શિક્ષકદિન નિમિત્તે એન.એસ.એસ.ના ઉપક્રમે આયોજિત ચિત્ર સ્પર્ધામાં અનાખા બી.કુમાર-પ્રથમ, દેવાંશ નાગદા-દ્વિતીય, ક્રિષા માંડવીયા-તૃતીય, જ્યારે રુચા પટેલ અને સુજન વ્હોરા આશ્વાસન ઇનામ વિજેતા થયા હતા. સૌ વિજેતાઓ અને શાળાના સૌ સારસ્વત ભાઈ-બહેનોને શિક્ષકશ્રી મુકેશભાઈ મહિડા દ્વારા પેન અને પુસ્તક શુભેચ્છા ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી વિપુલભાઈ પટેલે સૌ વિજેતા વિદ્યાર્થીઓ માટે રોકડ પુરસ્કાર જાહેર કર્યો તેમજ કોરોના મહામારીમાં માતા-પિતા કે બંનેમાંથી કોઈ એકનું અવસાન થયું હોય તો તેઓના સંતાનને જ્યાં સુધી અભ્યાસ કરવો હોય ત્યાં સુધી એન.આર.આઈ.ફાઉન્ડેશનની મદદથી સહાય કરવામાં આવશે એવી હૈયાધારણ આપી સૌને જીવનમાં સારું શિક્ષણ અને ધ્યેય પ્રાપ્ત કરવા અનુરોધ કર્યો હતો. અતિથિ વિશેષશ્રી મુકેશભાઈ મહિડાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું જ્યારે આચાર્યશ્રી સુથાર સાહેબે આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે શ્રીમતી અંકિતાબેન પટેલે આભારવિધિ કરી જ્યારે શાળા પરિવારના સહયોગથી શ્રી હર્ષદકુમાર વાઘેલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ વિભાગ દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત વેબિનારનું આયોજન

'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ વિભાગ દ્વારા એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એનએસએસના ભૂતપૂર્વ રિજનલ ડાયરેક્ટર ઓફ ગુજરાત અને હાલ ભારત સરકારના યુવા બાબતો અને ખેલકૂદ મંત્રાલયમાં આસિસ્ટન્ટ પ્રોગ્રામ એડવાઈઝર પદે કાર્યરત શ્રી ડૉ. કમલ કુમાર કરે સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ તેમજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સને રાષ્ટ્રના વિકાસમાં એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ અને સ્વયંસેવકોની ભૂમિકા' વિષય પર સંબોધ્યા હતા. પોતાના સંબોધનમાં તેમણે પ્રોગ્રામ ઓફિસર્સને સામાજિક જાગરુકતા અને લોકકલ્યાણના કાર્યોનું એવી રીતે આયોજન કરવા જણાવ્યું જેનાથી વિદ્યાર્થીઓના વ્યક્તિગત જ્ઞાન અને કૌશલ્યમાં વધારો થાય અને સાથોસાથ તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ પણ થાય. એનએસએસની નિયમિત પ્રવૃત્તિઓ અને વાર્ષિક શિબિર અંતર્ગત આયોજિત થતાં કાર્યક્રમોમાં સરકારી વિભાગો તથા એનજીઓના સહકારથી સરકારની વિવિધ લોકકલ્યાણની યોજનાઓની માહિતી અને તેમનો લાભ સમાજના છેવાડાના માનવીને મળે તે સુનિશ્ચિત કરવા તેમણે અનુરોધ કર્યો હતો. ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષભાઈ પટેલ, સેક્રેટરી શ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી રમેશ તલાટી, સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો. (ડૉ.) પી. એમ. ઉદાણી તથા રજિસ્ટ્રાર ઇન્ચાર્જ સુ.શ્રી. અગ્નેશ્વરી અઢીયાએ વેબિનારના સફળ આયોજન બદલ સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કોઓર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપ તેમજ તમામ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સને અભિનંદન પાઠવ્યા હતા.

## ગો. જો. શારદા મંદિરમાં આયુષ તબીબી પદ્ધતિ અંગેનું માર્ગદર્શન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર કન્યાશાળા વિદ્યાનગર ખાતે તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અંતર્ગત આયુષ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે આણંદ હોંયોપેથિક મેડિકલ કોલેજ દ્વારા વિદ્યાર્થિનીઓને માર્ગદર્શિત કરવાનો કાર્યક્રમ શાળાના આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆતમાં શાળાના સુપરવાઈઝર શ્રીમતી કેતનાબેન પરમાર દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે હોમિયોપેથિક મેડિકલ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર શીતલબેન કાબરેયાએ વિદ્યાર્થિનીઓને વિવિધ ચિકિત્સા પદ્ધતિ અંગેની વિસ્તૃત માહિતી તેમજ કોરોના -વાઈરસ કેવી રીતે ફેલાય છે અને તેનાથી કેવી રીતે બચી શકાય તે અંગેનું માર્ગદર્શન આપ્યું.

આ ઉપરાંત આણંદ હોમિયોપેથિક મેડિકલ કોલેજની પી.જી. સ્ટુડન્ટની ટીમ દ્વારા હોમિયોપેથિક સારવાર શું છે? અને કઈ રીતે કાર્ય કરે છે.? તેમજ જુદાં-જુદાં રોગોમાં હોમિયોપેથિક સારવારની માહિતી અને સમતોલ આહાર વિશે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શાળાના શિક્ષક મહેન્દ્રભાઈ શર્મા દ્વારા કરવામાં આવ્યું.

 ISSN 0976 – 9609

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આટ્ર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે વ્રજલાલ દવે (સાહિત્ય) વ્યાખ્યાનમાંળા અંતર્ગત પૂર્વકુલપતિ શ્રી.ડૉ.નરેશ વેદનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આટ્ર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે વ્રજલાલ સાહિત્ય વ્યાખ્યાનમાંળા અંતર્ગત પૂર્વ કુલપતિ ડો.નરેશ વેદનું વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાનનો વિષય હતો 'સાહિત્યની વિભાવના'. આ કાર્યક્રમના આરંભે ગુજરાતી વિભાગની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડો.એમ.જી.મન્સૂરીસાહેબે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો ઉપસ્થિત મહેમાનોની કાર્યનિષ્ઠા, સમાજ અને સાહિત્યમાં તેમણે આપેલી સેવાઓ અને ફરજ, મહેમાનોની સામાજિક, સાહિત્યક પ્રતિબધ્ધતા વિશે માહિતી આપીને મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમના મુખ્યવક્તા, આદર્શ અધ્યાપક અને ગુજરાતની બે યુનિવર્સિટીઓના પૂર્વ કુલપતિ રહી ચૂકેલા કુશળ વહીવટકર્તા અને સાહિત્યની સાચી નિસબત ધરાવતા મુખ્ય વક્તા ડો. નરેશ વેદ સાહેબે સાહિત્યની વિભાવના વિશે રસાળ શૈલીમાં વક્તવ્ય આપ્યું હતું. સાહિત્યની ઉપયોગીતા, સાહિત્યનું જીવન અને સમાજમાં સ્થાન, સાહિત્યનું મહત્વ, સાહિત્યની લાક્ષણીકતાઓ અને સાહિત્યિક પરંપરામાં પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનોએ આપેલી સાહિત્યની વ્યાખ્યાઓને ધ્યાને લઈ સાહિત્યની વિભાવના વિષે વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ ચારુતર વિદ્યામંડળના માનદસહમંત્રી શ્રી રમેશ તલાટી સાહેબે વિદ્યાર્થીઓને વાંચનનું મહત્વ સમજાવ્યું હતું. જીવનમાં વાંચન એ વ્યક્તિના આંતરિક વિકાસ માટે કેટલું ઉપયોગી છે તે તેઓશ્રીએ સરળ અને સહજ-રીતે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. સાધના પટેલે ઉપસ્થિત મહેમાનોનો ઋણસ્વીકાર કરીને સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યાપક ડો. જિજ્ઞેશ પરમારે કર્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિભાગના વિદ્યાર્થીઓએ રસ પૂર્વક હાજર રહી કાર્યક્રમને માણ્યો હતો. કોલેજના સમગ્ર અધ્યાપકમિત્રોએ કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં શિક્ષક દિવસની ઉજવણીના ભાગરૂપે વ્યાખ્યાન

સી.વી.એમ. યુનિવર્સિટી સંલગ્ન એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસની યાદમાં ઓનલાઇન ગુગલ મીટ દ્વારા શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેના ભાગ રુપે ''શિક્ષક એક પ્રેરણાસ્રોત'' વિષય પર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સિપાલ ડો.બી.એલ.નાગર સાહેબ તેમજ અધ્યાપકો સહિત કોલેજના મોટાભાગના તાલીમાર્થીઓ જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ગુરુ વંદના શ્લોક ''ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ'' દ્વારા કરવામાં આવી હતી. કોલેજના જનરલ સેક્રેટરી દીપ પટેલ દ્વારા નાગર સાહેબનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. નાગર સાહેબે જીવન ઘડતરમાં શિક્ષકની ભૂમિકા વિષે તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. શ્રી રજની પટેલે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવનદર્શન પર પ્રકાશ પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં તાલીમાર્થીઓ સાથે મુખ્ય વિષય ઉપર વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોઓર્ડિનેટર શ્રી જીતેન્દ્ર ડાંગી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે જનરલ સેક્રેટરી જ્યોતિકા પંડ્યા દ્વારા વ્યાખ્યાનમાં જોડાયેલ તમામનો આભાર વ્યક્ત કરવામાં હતો.

## એરિબાસ બાયોટેકનોલોજી કોલેજમાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઇન્ડક્શન પ્રોગ્રામ યોજાયો

સી.વી.એમ. યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરમાં આવેલી અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંન્ટ્રીગ્રેટેડ સ્ટડિસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એલાઈડ સાયન્સ (એરિબાસ) કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઇન્ડક્શન પ્રોગ્રામ યોજાયો હતો, એમ.એસ.સી ઇંટ્રીગ્રેટેડ ઈન બાયોટેકનોલોજીનાં વિદ્યાર્થીઓનો આવકાર સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈએ કર્યો હતો. ડો. રીતુ દીક્ષિત દ્વારા ઈન્ટ્રોડટરી લેક્ચર ઓફ કેમિસ્ટ્રિ પર વ્યક્તવય આપ્યું હતું. લાઇબ્રેરી કન્વિનર ડો. ભક્તિ બાજપાઇ મેડમનાં માર્ગદર્શન મુજબ લાઇબ્રેરી કમિટીનાં ડો. નિશા દક્ષિણી અને સોહિલ પટેલ દ્વારા લાઇબ્રેરી ઓરિએંન્ટેશન અંગેની પ્રાથમિક સમજ આપી હતી, ત્યાર બાદ આસિ.લાઇબ્રેરિયન ડો. સંજયકુમાર પારેખે સંસ્થાની લાઇબ્રેરી અને તેનાં કાર્યો, ફિજિકલ લાઇબ્રેરી અને ઈન્સ્ટિટ્યુશનલ ડિપોઝિટરી (ઈછ)માં સંગ્રહ કરેલી (ઈ-બુક્સ, પૂર્વે યોજાયેલી ઇન્ટરનલ અને એક્સટરનલ પરીક્ષાનાં પ્રશ્નપત્રો, ટીચિંગ પ્લાન, ડેજર્ટેશન એન્ડ થીસિસ (શોધનિબંધો) વગેરેનો કેવી રીતે ઉપયોગ કરવો, લાઇબ્રેરી નિયમો, ઓપન રિસોર્સિસનો ઉપયોગ, ઈ-બૂક અને ઈ-જર્નલ રીસોર્સ કેવી રીતે પ્રાપ્ત કરવાં તે અંગેની સમજ, ઇંફલિબનેટ થકી ભારતની સમગ્ર યુનિવર્સિટીના શોધનિબંધો શોધગંગાનાં માધ્યમ થકી સર્ચ કરી તેને એક્સેસ કરવાં, નેશનલ ડિજિટલ લાઇબ્રેરીનો ઉપયોગ કેવી રીતે કરવો તે સર્વે માહિતી, સંગ્રહ અને ઉપયોગ અંગેની સમજ આપી હતી.

## નલિની કોલેજમાં કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

ચારુત્તર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના NSS, ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., નલિની કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે કોલેજ ખાતે કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષ સ્થાને ચારુત્તર વિદ્યામંડળના માનદ મંત્રી ડો. એસ. જી. પટેલ, સી.વી.એમ. એન.એસ.એસ.ના કોર્ડિનેટર પ્રિ. ભાવેશભાઇ પટેલ (વી.પી.સાયન્સ કોલેજ), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના મેડિકલ ઓફિસર ડો.રાજેશભાઇ પટેલ, ડો. નમ્રતાબેન તથા તેમની મેડિકલ ટીમ, કોલેજના આચાર્ય ડો.એમ.જી. મન્સુરી, કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપ-પ્રમુખ ડો. મિનેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે કાર્યક્રમના અધ્યક્ષ એસ.જી.પટેલે વર્તમાન પરિસ્થિતિમાં વેક્સિનેશનની અનિવાર્યતા અને જાગૃતિ અંગે વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ આજે જે મહામારીનો ભોગ બની રહ્યું છે તેને નજરઅંદાજ કરીને આપણે આપણી જાતને જોખમમાં મૂકીએ છીએ. સંસ્થાએ આ કેમ્પનું આયોજન કર્યું તે બદલ ધન્યવાદ પાઠવ્યા હતા, તેમજ કેમ્પને વિધિવત રીતે ખૂલ્લો મૂકી વેક્સિનેશનની પ્રક્રિયા શરૂ કરાવી હતી.

પ્રિ. ડો. ભાવેશભાઇ પટેલ (એન.એસ.એસ. કોર્ડિનેટર સી.વી.એમ.) જણાવ્યું હતું કે મડિકલ વિભાગના સમર્થ પ્રયાસ છતાં એ હકીકત છે કે અંતરિયાળ ગામડાઓમાં વસતા લોકો વિવિધ કારણોસર હજુ વેક્સિનેશનથી વંચિત રહ્યા છે. NSS જેવા સેવાનું કાર્ય કરતા કેન્દ્રોએ આવા કેમ્પ કરીને જે પ્રયાસ કર્યો છે તે સરાહનીય છે. આરોગ્ય કેન્દ્ર વલ્લભ વિદ્યાનગરના મેડિકલ ઓફિસર ડો. રાજેશભાઇ પટેલે વિદ્યાર્થીઓને વેક્સિનેશનનું મહત્ત્વ સમજાવ્યું હતું. તથા વેક્સિનેશન અંગે જાગૃતિ લાવવાનો અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડો. બી.એમ.ગજેરાએ કર્યું હતું તથા આભાર દર્શન પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂબેન પટેલે કર્યું હતું. ડો. એમ.ડી. મિશ્રાએ વલ્લભ વિદ્યાનગર આરોગ્ય કેન્દ્રનો સતત સંપર્ક કરી કેમ્પની સમગ્ર ગોઠવણ કરી આપી હતી. કોલેજના NSS વિભાગ દ્વારા જે વિદ્યાર્થીઓને વેક્સિન લેવાનું બાકી હોય તેવા લોકો માટે જાહેર નિમંત્રણ આપીને પ્રથમ રજિસ્ટ્રેસન કરવામાં આવ્યું હતું અને આવા વેક્સિન લેવા ઇચ્છતા વિવિધ કોલેજના ૧૦૬ વિદ્યાર્થીઓએ આ કેમ્પનો લાભ લઇ કેમ્પને સફળ બનાવ્યો હતો.

 ISSN 0976 – 9609

## સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કોલેજમા AICTE પ્રાયોજિત ઇન્ટરનેશનલ કોન્ફરન્સ નું આયોજન

સીવીએમ યુનિવર્સિટીની ન્યુ વિદ્યાનગર સ્થિત એડીઆઇટી એન્જિનિયરિંગ કોલેજના ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા 'પોસ્ટ Covid જર્ની ઓફ ફૂડ પ્રોસેસિંગ' થીમ પર AICTE, ન્યૂ દિલ્હી પ્રાયોજિત ઇન્ટરનેશનલ e-કોન્ફરન્સનું તારીખ ૧૭-૧૮ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન આયોજન થયેલું. કોઓર્ડિનેટર અને ડીપાર્ટમેન્ટ હેડ ડો.શિવમૂર્તિ શ્રીવાસ્તવ અને કો- કોઓર્ડિનેટર ડો. અંકિતા સિંઘના જણાવ્યા મુજબ AICTE તથા એએફએસટીઆઈ તથા IEEE અને ISTE ના સહયોગથી યોજાયેલ આ કોન્ફરન્સમાં ફેકલ્ટી મેમ્બર, વિદ્યાર્થીઓ, ઇન્ડસ્ટ્રી વગેરેથી લગભગ ૨૫૦ કરતાં વધુ લોકોએ ભાગ લીધો હતો અને ૩૫ જેટલાં રિસર્ચ પેપર રજૂ થયેલા.

આ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં યુનિવર્સિટી ઓફ મેનીટોલા કેનેડા ના ડો. દિગ્વીર જઈશ, યુનિવર્સિટી ઓફ સસ્તવિવાન કેનેડાના ડો. વેંકટેશ મેળા, ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી યુએસએના ડો. પ્રશાંત સિંઘ, ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી યુએસએના ચાંદની વડગામાં જેવા અનુભવી વક્તાઓએ તેમના માહિતીસભર વ્યાખ્યાન રજૂ કર્યા હતા. આ કોન્ફરન્સના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન સમારોહમાં ચીફ ગેસ્ટ તરીકે અદિતિ કપૂર-વાઇસ પ્રેસિડેન્ટ આરકેય ફૂડસ અમદાવાદ, CVM યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ભીખુભાઈ પટેલ, CVM યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડો. પ્રફુલ્લ ઉદાણી તથા અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઇન્ટરનેશનલ લેવલની આ કોન્ફરન્સનાં આયોજન બદલ એડીઆઈટી ના પ્રિન્સિપાલ ડો. સિંઘ તથા સીવીએમના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારોએ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ, એડીઆઈટી ને શુભેચ્છા સાથે અભિનંદન પાઠવ્યા હતા અને AICTE નો આભાર માન્યો હતો.

## ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થા એન વી પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝ ખાતે International Microorganisms Day ની ઉજવણી કરાઈ

ફેડરેશન ઓફ યુરોપિયન માઇક્રોબાયોલોજીકલ સોસાયટી દ્વારા ૧૭ સપ્ટેમ્બરનો દિવસ International Microorganims Day તરીકે ઉજવાય છે આ પ્રસંગે વિદ્યાર્થીઓમાં સૂક્ષ્મ જીવાણુઓને ઉપયોગીતા,વિવિધતા,રોજિંદા જીવનમાં સૂક્ષ્મ જીવાણુઑની ભૂમિકા જેવા વિષયોને આવરી લઇ વિવિધ કાર્યક્રમોનુ આયોજન વિશ્વભરમાં કરવામાં આવતું હોય છે. એન વી પટેલ સાયન્સ કોલેજ ના માઇક્રોબાયોલોજી વિભાગ દ્વારા પણ આ વિશેષ દિવસની ઉજવણી અંતર્ગત માઇક્રો બાયો હાઉઝી જેવી વૈજ્ઞાનિક રમતનું આયોજન કરાયું જેમાં સૂક્ષ્મ જીવાણુઓ ના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા અને પ્રશ્નોત્તરીના રૂપમા બાયો હાઉઝી ની રમત રમાડવામાં આવી જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય ડો બાસુદેબ બક્ષી સાહેબે વિદ્યાર્થીઓને આ દિવસને એક રમત સુધી સીમિત ન રાખતા માઇક્રોબાયોલોજી ના વિષયમાં સમાજ ઉપયોગી અને લોકોપયોગી સંશોધનોમાં સહભાગી થવા અપીલ કરી હતી જ્યારે માઇક્રોબાયોલોજી વિભાગના અધ્યક્ષ ડોઅક્ષય ગુપ્તે સાહેબે વિદ્યાર્થીઓને જૈવિક વિવિધતા જીવનના અસ્તિત્વ માટે કેટલી જરૂરી છે તે અંગે માહિતગાર કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો ઉર્વીશ છાયા ના માર્ગદર્શન હેઠળ માઇક્રોબાયોલોજી વિભાગના રિસર્ચ સ્કોલર દર્શન પ્રજાપતિ અને આશિષ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. । વિ । માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. । વિ । માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. **લેખ/કૃતિ અંગે કોઈ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિં.**

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર, IFS Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપુરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઈ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસીને મોકલવી.**

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ડૉ.ઉર્વીશ છાયા**


**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ (NVPAS), વલ્લભ વિદ્યાનગર**

**ઇ-મેઇલ** : editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com


**-: લવાજમ :-**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |


ISSN 0976 – 9609





સી.વી.એમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા એડીઆઈટી કોલેજમાં ‘પોસ્ટ કોવીડ જર્ની ઓફ ફૂડ પ્રોસેસિંગ’ થીમ પર AICTE ન્યૂ દિલ્હી પ્રાયોજિત ઈન્ટરનેશનલ કોન્ફરન્સના આયોજન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પધારેલ અદિતિ કપૂર – વાઈસ પ્રેસિડેન્ટ આરકેય ફૂડ અમદાવાદ, સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ તથા સીવીએમના અધ્યક્ષશ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલ, સીવીએમ યનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડો. પ્રફુલ્લ ઉદાણી તથા અન્ય મહાનૂભાવો દશ્યમાન થાય છે. આ પ્રસંગે પ્રસંગોચિત વ્યાખ્યાન આપતા તજજ્ઞો તથા સંસ્થાના આચાર્યશ્રી ડો. વિશાલ સિંઘ વિભાગીય અધ્યક્ષ ડો. શિવમૂર્તિ શ્રીવાસ્તવ તથા કો-ઓર્ડિનેટર અંકિતા સિંઘ નજરે પડે છે.





ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના NSS, ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ., નલિની કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે કોલેજ ખાતે કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે અધ્યક્ષ સ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડો. એસ. જી. પટેલ, સી.વી.એમ. એન.એસ.એસ.ના કોઓર્ડિનેટર પ્રિ. ભાવેશભાઇ પટેલ (વી.પી.સાયન્સ કોલેજ), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરના મેડિકલ ઓફિસર ડો.રાજેશભાઇ પટેલ, ડો. નમ્રતાબેન તથા તેમની મેડિકલ ટીમ, કોલેજના આચાર્ય ડો.એમ.જી. મન્સુરી, કોલેજ મધ્યસ્થ સમિતિના ઉપ-પ્રમુખ ડો. મિનેશભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

BOOK POST
October 2021

V-Vidyanagar 23 (10)
Published on 05/10/2021
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



Avul Pakir Jainulabdeen Abdul Kalam

15 October 1931 ~ 27 July 2015

"Where there is righteousness in the heart, there is beauty in the character. When there is beauty in the character, there is harmony in the home. When there is harmony in the home, there is order in the nation. When there is order in the nation, there is peace in the world."

Editor : Dr. Urvish Chhaya

If undelivered, return to
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120